શારદા
મહિલા વિકાસ સોસાયટી

જીવન અંજલી થાજો
સેવા રૂરલ

અમે તે ઈશ્વરના દાસ છીએ,
જેને અજ્ઞાનીઓ "મનુષ્ય" કહે છે.

સ્વામી વિવેકાનંદ

# સેવા સુવાસ

## સંયુકત મુખપત્ર

જાન્યુઆરી થી માર્ચ ૨૦૧૬

# સેવા–સુવાસ

૧૯૮૪ થી સેવા રૂરલ સંસ્થાનું ત્રિમાસિક મુખપત્ર **"સેવા સુવાસ"** તેમજ સેવા રૂરલની ભગિની સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી દ્વારા વર્ષ ૨૦૦૭ થી **"શારદા સુવાસ"** નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યા હતા.

વર્ષ ૨૦૧૨થી બંને સંસ્થાના સંયુકત ઉપક્રમે 'સેવા સુવાસ' પ્રકાશિત થાય છે. સંસ્થાના પાયાના ત્રણ અભિગમ – સામાજિક સેવા, વૈજ્ઞાનિક અભિગમ અને આધ્યાત્મિક દ્રષ્ટિકોણને સાંકળીને આરોગ્ય, આર્થિક પ્રવૃત્તિઓ, શૈક્ષણિક, રચનાત્મક પ્રવૃત્તિઓનો પ્રસાર કરવાનો શુભ આશય રહ્યો છે. આ બંને સંસ્થાના સમાચારો અને તે વિષેની માહિતી ઉપરાંત સંસ્થાના કાર્યકરો, ગ્રામ્યકક્ષાની સહયોગી બહેનો, કિશોર–કિશોરીઓ અને બાળકો પોતાના સ્વાનુભવો તેમજ પ્રેરક પ્રસંગો રજૂ થતાં રહે છે.

આપ સૌના પ્રતિભાવો અને સૂચનો, અમારી યાત્રાને પ્રેરણા અને બળ પૂરું પાડશે.

## સાંકળિયું


| | | |
|---|---|---|
| ૧. | વલોણુ | ૧ |
| ૨. | વિવેક સુવાસ | ૨ |
| ૩. | માતૃશકિત | ૩ |
| ૪. | આપણી વાત – કુશળતા કેળવીએ અને સ્વાવલંબી બનીએ. | ૪ |
| ૫. | સંસ્થા સમાચાર | ૫ |
| ૬. | મિત્રોની નજરે | ૨૨ |
| ૭. | સત્સંગના સથવારે | ૨૩ |
| ૮. | નાનાઓની મોટાઈ – પ્રામાણિક નિકુલ | ૨૪ |
| ૯. | જાણવા જેવું– જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ | |


## સેવા સુવાસ સમિતિ


| | | |
|---|---|---|
| જયશ્રી લાડ | જાગૃતિ શાહ | મંજુલા માછી |
| મુકેશ પરીખ | ડો. આકાશ શીંદે | દિલીપ પટેલ |
| બંકિમ શેઠ | રમેશ ગોસ્વામી | રાજેશ કે. પટેલ |
| | ડો. લતાબેન દેસાઈ | |


**ખાસ નોંધ : વાચક મિત્રો, દર ત્રણ માસે પ્રસિધ્ધ થતું સેવા સુવાસ મુખપત્ર આપની અનુકૂળતાએ વેબસાઈટ www.sewarural.org પર પણ વાંચી શકાશે.**

# વલોણું

આજે આખી દુનિયા અને દેશમાં મહિલા સશકિતકરણની અગત્યતા અને સહભાગીતાની જરૂરિયાત સમજાઈ રહી છે તે એક આવકારદાયક અને આનંદની વાત છે. તે માટે મહિલાઓમાં વિવિધ વિષયોની માહિતી, જાણકારી અને સમજ કેળાવવી પ્રાથમિક જરૂરિયાત સમજાતા સંસ્થામાં જાગૃતિ શિબિરો વર્ષોથી યોજાઈ રહી છે. આ શિબિરોમાં તેમના જીવનને સ્પર્શતા વિષયો તેમજ શિબિર માટેના તેઓના અનુકૂળ દિવસો, સમય અને સ્થળ પણ તેમની સાથે ચર્ચા કરીને નકકી કરતાં હોવા છતાં જાણે કે અમે ટૂંકા પડતાં હોઈએ એવી લાગણી અનુભવાતી હતી. આ શિબિરોની શરૂઆત બહેનોને ગમતા ભજનો, ગીતો, ફિલ્મો તેમજ રમતો તો કયારેક તેઓના દ્વારા જ નાટકો દ્વારા તેઓના પ્રશ્નો અને ઉકેલો શોધીને તેઓની ભાગીદારી વધારવાના પ્રયત્નો છતાં કાંઈક ખૂટતું જ લાગ્યા કરતુ હતુ. કયારેક તો ગામમાં બહેનોએ જ નકકી કરેલા સમયે અને જગ્યાએ અમારી આખી ટીમ ગામમાં પહોંચી જાય ત્યારે ત્યાં એક પણ બહેન હાજર ન પણ હોય. પછી અમે તેઓના ઘરે ઘરે જઈને તેમને મિટીંગમાં બોલવવા જઈએ તો અમુક બહેનો તો ઘરમાં હાજર જ ન હોય તો થોડીક બહેનો અમારી હાજરીની શરમથી અમારી સાથે આવે પણ ખરી. થોડીવાર શિબિરમાં બેસે, થોડુક સાંભળે અને વારાફરતી ઘરે જવાનુ શરૂ કરે. ગામની આ બહેનો કે જે પાપડ પ્રવૃત્તિ દ્વારા રોજી મેળવી રહી છે જેની સાથે અમારો વર્ષોનો ઘરોબો છે તેમની સાથે વ્યકિતગત ખાનગીમાં વાત કરતાં જાણવા મળ્યું.....

- પતિ મજુરીએથી આવી જશે તો કયાંક બાળક નિશાળેથી તો કયાંક ઘરડા મા–બાપ ભૂખ્યા પેટે ખાવાની રાહ જોઈને બેઠા હોય તો કયારેક ઘરે મહેમાન આવેલા હોય.... એટલે જલ્દી જલ્દી રોટલા બનાવવાની ઉતાવળ હોય.
- ઘરમાં રાખેલી ગાય કે ભેંસ પણ બહેનની રાહ જોઈને બેઠેલી હોય, એના આંચળમાં દૂધ ભરાઈ ગયેલું હોય દોહવાની રાહ જોતી હોય, એને પણ ભૂખ લાગી હોય, એને ચારો નિરવાનો હોય.
- કયારેક રાંધવા માટે ઘરમાં બળતણ જ ન હોય કે ઢોર માટેનો ચારો ખલાસ થઈ ગયો હોય તો તે લેવા જવાનું હોય.
- ઘરથી થોડે દૂર આવેલા પાણીના પંપે કે તળાવે કે ખાડી પર પાણી લેવા જવાની ઉતાવળ હોય.
- કુટુંબના કોઈ સગાવહાલા કે ગામમાં કોઈ બિમાર હોય તેની ખબર લેવા જવાનુ તો કોઈનું મૃત્યુ થયુ હોય તો બેસવા જવાનુ હોય.
- નાનુ બાળક કે ઘરડાં મા–બાપ બિમાર પડયા હોય તો તેની સારવાર માટે કે દવા લેવા માટે બીજે ગામ જવાનુ હોય.

**આવા બધા કારણો જાણીને અમારુ હૃદય વલોવાય જાય.**

- આવી હાડમારી ભરેલી દિનચર્યા વચ્ચે તેમને તેમના હક્કો, અધિકારો જાણવાની ઈચ્છા થઈ શકે ખરી ?
- સરકારની બહાર પડતી નવીનવી યોજનાઓ, બદલાતા કાયદાઓ વિશે જાણવા– સાંભળ વાનો સમય તેમની પાસે હોઈ શકે ખરો ?

**અમારા મનમાં મંથન ચાલે છે**

- ગરીબ લોકો માટે જાગૃતિ શિબિરો યોજવી કેટલું વ્યાજબી લાગે છે.
- શું આપણે તેમને નિયમિત આવકનુ સાધન, ઘરેબેઠા પાણીની સગવડ, ગામની નજીક ગુણવત્તાવાળી આરોગ્ય સેવાઓ પૂરી પાડી શકીશુ ખરાં ?
- કયારે ? કોણ ?
  - સરકાર
  - સામાજીક સંસ્થાઓ
  - કોર્પોરેટ સેકટર કે.....

સમાજના વિવિધ અંગો આ માટે કંઈકને કંઈક પ્રયાસો જરૂર કરી રહ્યા છે. પણ થોડાક વધુ મજબુત હાથ અને હૈયાની સાથેસાથે આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીનો પણ સહયોગ સાંપડી શકે તો કેવુ ? કયાંક કયાંક વહેલી પ્રભાતના સૂરજના પ્રકાશની ઝાંખી દેખાવા માંડી છે આપણે સૌ આશા રાખીએ કે આપણા ગરીબ ભાંડુઓ ઉપર સૂર્ય તેની પૂર્ણ તાકાતથી પ્રકાશે. તે માટે થોડી ધીરજ રાખીને મંડયા રહીએ.

♦

# વિવેક સુવાસ

લેઈક લ્યુસર્ન, સ્વિટ્ઝર્લેન્ડ,
૨૩મી ઓગષ્ટ, ૧૮૯૬.

પ્રિય શશી,

આજે રામદયાળ બાબુનો પત્ર મળ્યો છે. તેઓ લખે છે કે દક્ષિણેશ્વરના શ્રી રામકૃષ્ણદેવના જન્મોત્સવ વખતે ઘણી વેશ્યાઓ પણ આવે છે, તેથી ઘણાને તેમાં જવું ગમતું નથી. વળી તેમના મત પ્રમાણે એક દિવસ પુરુષો માટે રાખવો જોઈએ. બીજો દિવસ સ્ત્રીઓ માટે. આ બાબતમાં મારો નિર્ણય આ પ્રમાણે છે :

જો દક્ષિણેશ્વર જેવા મહાન યાત્રાના સ્થળે વેશ્યાઓને જવા દેવામાં ન આવે, તો તેઓ બીજે કયાં જશે? ઈશ્વર ખાસ તો પાપીઓ માટે જ પ્રગટ થાય છે, નહિ કે પુણ્યશાળીઓ માટે.

નરકનાં દ્વાર જેવા જ્ઞાતિ, લિંગ, સંપત્તિ, વિદ્યા અને બીજા સંખ્યાબંધ ભેદભાવો છે, તેમને જગતમાં જ રહેવા દો. આવા ભેદભાવ યાત્રાનાં પવિત્ર સ્થળોએ પણ રહે તો તેમનામાં અને નરકમાં શો ફેર ?

યાત્રાના ધામમાં એક દિવસ માટે પણ જો લોકોની દુર્વૃત્તિઓ શમી ન જાય, તો દોષ તમારો છે, લોકોનો નહિ. આધ્યાત્મિક શકિતની એવી ઉન્નત ભરતી લાવો કે જે કોઈ માણસ તેની નજીક આવે તે તેમાં ખેંચાઈ જાય.

મંદિરમાં પણ જે લોકો એવા વિચાર કરે કે આ સ્ત્રી વેશ્યા છે, આ માણસ નીચ છે, આ તો ગરીબ છે, અને પેલો તદ્દન સામાન્ય માણસ છે, એવા – જેમને તમે સજ્જનો કહો છો તેવા – લોકો જેટલા ઓછા આવે તેટલુ વધુ સારું. જેઓ ભકતોની જ્ઞાતિ, લિંગ કે ધંધા વગેરેનો વિચાર કરે તેઓ આપણા પ્રભુ રામકૃષ્ણને શું સમજી શકવાના ? હું તો ઈશ્વરને પ્રાર્થના કરું છું કે સેંકડો વેશ્યાઓ આવે અને તેના ચરણમાં પોતાનું માથું નમાવે; સજ્જન એક પણ ન આવે તો તેનો કાંઈ વાંધો નહિ. વેશ્યાઓ આવો, દારૂડિયાઓ આવો કે ચોર અને બીજા બધા આવો; પ્રભુના દરવાજા બધા માટે ખુલ્લા છે. "ઊંટને સોયના નાકામાંથી પસાર થવુ સહેલુ છે, પણ ધનવાનને ઈશ્વરના સામ્રાજયમાં પ્રવેશવું બહુ કઠિન છે." આવા ક્રૂર અને રાક્ષસી વિચારોને તમારા હૃદયમાં પ્રવેશવા ન દેશો.

તમને અને બીજા બધાને સ્નેહ,

ભવદીય,
વિવેકાનંદ

(સાભારઃ સ્વામી વિવેકાનંદના પત્રો, પા. નં. ૧૩૫)

આજે ૨૧મી સદીમાં દેશના પ્રખ્યાત મંદિરોમાં અને દિલ્હી, હૈદરાબાદ, કલકત્તા જેવા મોટા મોટા શહેરની યુનિર્વસીટીઓમાં જોવા મળતા લીગભેદ અને જ્ઞાતિભેદને લીધે રાજકીય અને સામાજિક ક્ષેત્રે ઊભી થયેલી સમસ્યાઓ અને પ્રશ્નોનો જવાબ આ પત્ર દ્વારા જાણે કે સ્વામી વિવેકાનંદ આપી રહ્યા હોય તેવુ નથી લાગતું?

♦

# માતૃશકિત

અમારી હોસ્પિટલમાં ઓગષ્ટ માસમાં બનેલી આ એક ઘટના છે જેમાં હોસ્પિટલના સ્ટાફના નર્સબેનો, ડોકટર અને અન્ય સ્ટાફ ભાઈ–બહેનોના હૃદયમાં રહેલી માતૃભાવનાના દર્શન જોવા મળ્યા.

૨૫ વર્ષની ઉંમરની ચુલી ગામની આદિવાસી બહેન સોમીબેનને અગાઉ ત્રણ વખત મહિના તો રહેલા પણ બાળકનું મ્હોં જોવા મળ્યુ નહતુ. આ સગર્ભાવસ્થાના દરમ્યાન છ માસ પુરા થતાં તેઓ હોસ્પિટલમાં દાખલ થયા. આ એમની ચોથી સગર્ભાવસ્થા હતી. પહેલી સગર્ભાવસ્થા પાંચમા મહિને, બીજી છઠા મહિને અને ત્રીજી છ મહિના પુરા થતાં અધુરા માસે કસુવાવડમાં પરિણમેલી, કુટુંબના અને સાસરી પક્ષના સગાંવહાલાઓ અને અડોસપડોસની બહેનોનું તેમના તરફ તોછડાયેલ વર્તન અને અપશબ્દો સાંભળીને ખૂબ દુઃખી અને વલોપાત કરતાં તેઓ હોસ્પિટલમાં દાખલ થયેલા. તેમના વલોપાત સાંભળી હોસ્પિટલના સ્ટાફના ભાઈ–બહેનોનું હૃદય પણ રડી ઊઠેલુ. બહેન એકદમ રૂની પૂણી જેવા સફેદ અને તેમને શ્વાસ લેવામાં પણ તકલીફ હતી. હોસ્પિટલના સ્ટાફના ભાઈ–બહેનોએ આ બહેનને પ્રેમથી સાંત્વના અને વિશ્વાસ આપ્યો અને જયાં સુધી ડિલેવરી ન થાય ત્યાં સુધી રોકાવા તૈયાર થાય તો તેને જીવિત બાળકનો પણ જન્મ થઈ શકે એવુ આશ્વાસન આપ્યુ.

હોસ્પિટલમાં સ્ટાફના ભાઈ–બહેનોની પ્રેમપૂર્વકની સારવાર અને સમજાવટથી સોમીબેન ૮૨ દિવસ સુધી હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર હેઠળ રહ્યા. કયારેક કયારેક તેમના ઘરવાળા આવીને બહેનની ખબર લઈ જતા પણ છૂટક મજુરી કરીને ઘર ચલાવતા હતા. એટલે કાયમ માટે તો બહેનની સાથે રોજી ગુમાવીને રહી શકવુ તેઓને માટે શકય ન હતુ. રોજની મજૂરીના પૈસા ના આવે તો બધા ખાય શું? સંસ્થાએ બહેનની તમામ જવાબદારી સ્વીકારી લીધી. તેઓને ૩ થી ૪ વાર લોહીના બાટલા તેમ જ ઠંડકના ઈન્જેકશન આપવામાં આવ્યા. સંસ્થાએ રસોડામાંથી વિનામુલ્યે ભોજનની પણ વ્યવસ્થા કરી આપી. ગર્ભાશયના મુખ ઉપર પણ નિષ્ણાત ડોકટરે ખાસ પ્રકારનો ટાંકો પણ લીધો જેથી બાળક બહાર સરકી ન પડે.

૮૨ દિવસ આ બધી સારવાર વિનામુલ્યે મળવાની હોવાથી ઘરે જવાની તેઓએ ઉતાવળ ન કરી. હોસ્પિટલમાં સારવાર મળ્યા બાદ ઓપરેશન કરીને ૨.૬૦૦ કિ. ગ્રા. વજનની દીકરીનો જન્મ થયો. ઘરે જતી વખતે સોમીબેન તેના પતિ અને અન્ય સગાં સંબંધીના મો ઉપર દેખાતો સંતોષ અને આનંદ અદ્‌ભુત હતો.

સેવા રૂરલ હોસ્પિટલના સ્ટાફના ભાઈ–બહેનોના હૃદયમાં રહેલી માતૃશકિતના અને માતૃત્વ ઝંખતી અનેક બહેનોના મુખ ઉપર માતૃત્વનું ગૌરવ અનુભવવાનુ દર્શન કરીને ધન્યતા અનુભવીએ છીએ.

♦

# આપણી વાત

## કુશળતા કેળવીએ અને સ્વાવલંબી બનીએ

હું ગ્રેજ્યુએટ સુધી ભણેલી એક બહેન છું. મારા લગ્ન પણ ૨૪ વર્ષની પુખ્ત ઉંમરે થયેલા. મારુ સાસરું ઝઘડીયા તાલુકાના લીમોદરા ગામમાં. મારા લગ્ન બાદ એક વર્ષ પછી મારી મોટી દિકરીનો જન્મ થયો. બે વર્ષ બાદ બીજી દિકરીનો જન્મ થયો કુટુંબના સભ્યોમાં વધારો થતાં મારા ઘરવાળાની આવકમાંથી રોજબરોજની જરૂરિયાત પુરી કરવી શકય ન હતી. સંસ્થામાં ચાલતા પાપડ કાર્યક્રમમાં હું જોડાઈ. ઘરે રહીને મેં પાપડ બનાવવાનુ કામ કર્યુ પણ એમાં કંઈ ફાવટ આવી નહી. મારા પતિ ભરૂચની પટેલ વેલ્ફેર હોસ્પિટલમાં ડ્રાયવર તરીકેની ફરજ બજાવતા હતા. મેં પણ કોલેજ સુધીનો અભ્યાસ કરેલો એટલે આ જ હોસ્પિટલમાં ચાલતા નર્સિંગ કોર્સમાં હું જોડાઈ ગઈ. નર્સિંગનો કોર્સ પુરો કરીને હું નર્સ અને મારા પતિ ડ્રાયવર તરીકે કામ કરતાં થયા. અમને ત્યાં કેમ્પસમાં રહેવા માટે કવાટર્સ પણ મળ્યું. ત્યાં અમે પાંચ વર્ષ સુધી કામ કર્યુ. પછી વતનમાં તો રહેવા આવવુ પડે એટલે અમે લીમોદરા પાછા આવ્યા. હું લીમોદારા ગામની પાસે ઝઘડિયામાં ચાલતી સેવા રૂરલ હોસ્પિટલમાં નર્સ તરીકે જોડાઈ, મારા પતિની નોકરી તો ભરૂચમાં જ ચાલુ હતી. તેઓ મને ભરૂચ તેમની નોકરી એ જાય ત્યારે હોસ્પિટલમાં મુકતાં જાય પછી સાંજે લેવા પણ આવે. જોતજોતામાં મારી મોટી દિકરી ધોરણ–૧૦માં આવી ગઈ. પરંતુ તેને અભ્યાસમાં ફાવટ ન આવવાથી ફેલ થઈ. સંસ્થાના વડીલની સલાહ મુજબ મેં તેને સંસ્થામાં ચાલતા ગારમેન્ટ વિભાગમાં શીવણની ટ્રેનિંગ અપાવી. તાલીમ પુરી કર્યા બાદ તેને સંસ્થા તરફથી સિલાઈ મશીન મળ્યું અને તે ઘર સંભાળવાની સાથે ઘરે રહીને શિવણ કામ કરીને કમાણી કરતી થઈ ગઈ. હવે તો તેના લગ્ન પણ થઈ ગયા છે અને સાસરીમાં પણ શીવવાનું કામ ચાલુ રાખીને તેના પતિને આર્થિક રીતે મદદ કરી રહી છે.

થોડા વર્ષો પછી મારા પતિને પણ સંસ્થામાં નોકરી મળી. એમની નોકરીના ફરજના કલાકો બદલાતા રહેતા હતા. તેમની ફરજમાંથી મને લેવા–મુકવા આવવાનું શકય ન હતુ. હવે કુટુંબની આવક વધતાં અમે ઘરમાં નવુ એકટીવા – ટુ વ્હીલર ખરીદેલુ. મારા પતિએ મને નવી લાવેલ એકટીવા શીખીને અને ચલાવીને કામે જવાનુ કહ્યું. પરંતુ આ ઉંમરે ગાડી શીખવામાં મને ડર તો લાગતો જ હતો અને તે યોગ્ય પણ નહોતુ લાગતુ. મે મારી દીકરીને ગાડી શીખવાનુ કહ્યું. મારા પતિએ કહ્યું, દીકરી તો ગમે ત્યારે બે દિવસમાં ગાડી ચલાવતા શીખી જશે. તારી જરૂરિયાત વધારે છે. તું શીખી જઈશ તો મને તને લઈ જવા લાવવાની ચિંતા રહેશે નહી. મે હિંમત કરી જોતજોતામાં હું એકટીવા ગાડી ચલાવતા શીખી ગઈ.

મારા સાસુને પણ હું આ ઉંમરે ગાડી ચલાવતા શીખી ગઈ તેનો ગૌરવ છે. હવે મારુ એક સપનું છે કે મારા સાસુને એકટીવા પર બેસાડી ફરવા લઈ જવું.

હુ બધી બહેનોને એક વાત કહેવા માંગુ છું – હું ગ્રેજ્યુએટ સુધી ભણેલી પણ મને જીવનમાં સ્વતંત્ર રીતે જીવતા તો નર્સીંગની તાલીમ અને એકટીવા એ જ શીખવાડયુ. એટલે બેનો આપણે શાળા–કોલેજમાં ભણતર તો પુરું કરીએ જ પણ જીવનમાં ખરી મજા તો વધુ કુશળ બનીને સ્વતંત્ર રીતે સ્વાવલંબી બનવામાં જ છે.

♦

# સંસ્થા સમાચાર

- **ગાંધીમેળો :** ભરૂચ અને નર્મદા જીલ્લાનો ગાંધીમેળો વાગરા ખાતે તા. ૧૫ અને ૧૬ ફેબ્રુ ૧૬ના રોજ 'બચ્ચો કા ઘર'માં યોજાઈ ગયો. ગાંધીમેળાનો મુખ્ય ઉદ્દેશ ગામ વિકાસ, ગામ સંગઠન, સ્વાવલંબન, ખેતી, ગૃહઉદ્યોગ દ્વારા ગાંધી વિચારની સમજ આપવા માટે સજીવ ખેતી, શ્રેષ્ઠ ધર્મ માનવ ધર્મ, શિક્ષણ જેવા અલગ અલગ વિષયો ઉપર પ્રવચન ગોઠવવામાં આવ્યા હતા. ગાંધીમેળામાં અલગ અલગ સંસ્થાઓના સ્ટોલ રાખવામાં આવ્યા હતા, જેમાં શાન્તિગ્રામ તણછા, આર્ચ માંગરોલ, વ્યસન મુકિત કેન્દ્ર, જાગો ગ્રાહક જાગો તેમજ શા.મ.વિ.સો.ની મહિલાઓ દ્વારા થતા ઉત્પાદનો ગોઠવાયા હતા. સેવા રૂરલના કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ અને કિશોર–કિશોરી કાર્યક્રમ દ્વારા પોષક આહારનો સ્ટોલ રાખવામાં આવેલો જેમાં બોડી–માસ–ઈન્ડેકસ (BMI) કરી આપવામાં આવ્યું હોવાથી આકર્ષણ વધ્યુ હતું. તેમજ વિજીટીકે દ્વારા વિવિધ ઉત્પાદિત વસ્તુઓનો સ્ટોલ હતો.

## આધ્યાત્મિક શિબિર

- તા. ૧૭–૧૮ ફેબ્રુ ૧૬ દરમ્યાન સંસ્થાના કાર્યકરો સાથે શિબિરના પહેલા તબક્કામાં વ્રત વિધિ થઈ.

  તા. ૧૯થી ૨૧ ફેબ્રુ ૧૬ દરમ્યાન વિવિધ સંસ્થાના કાર્યકરો સાથે 'પતજંલિ યોગસુત્ર', 'મા કી બાતે' પર આધ્યાત્મિક શિબિર થઈ. આધ્યાત્મિક શિબિર ગુમાનદેવ સ્થિત વિવેકાનંદ ગ્રામિણ ટેકનીકી કેન્દ્રમાં થઈ. શિબિરમાં ૨૯ ભકતો સહભાગી થયા હતા. શિબિરનું સંચાલન સ્વામી શ્રી બ્રહ્મેશાનંદજી, સ્વામી શ્રી રાઘવેન્દ્રાનંદજીએ કર્યું હતું.

## ઉત્સવો–તહેવારોની ઉજવણી

### રામકૃષ્ણ જન્મજયંતી

- ૧૮ ફેબ્રુ ૧૬ના દિવસે શ્રી રામકૃષ્ણદેવની જન્મજયંતિ ઉજવવામાં આવી. શ્રી રામકૃષ્ણદેવની પૂજા, સ્તુતી, ધૂન અને તેમના જીવન પ્રસંગોનું વાંચન તેમજ ભજન વગેરે કાર્યક્રમ કરી પ્રસાદ લીધો.

### સંસ્થા દર્શન

- તા. ૯ જાન્યુ ૧૬ના રોજ એલ એન્ડ ટી હજીરાના CSR પ્રવૃત્તિ સાથે સંકળાયેલ કર્મચારીઓ (ઈન્જીનીયર્સ) કે જે આસપાસના ગામોમાં સેવાલક્ષી પ્રવૃત્તિઓ કરે છે તેઓએ વિજીટીકેની મુલાકાત લીધી.
- ૧૮–૧૯ જાન્યુ ૧૬ દરમ્યાન ૨૦ IAS પ્રોબેશનર્સ સેવા રૂરલની મુલાકાતે

આવેલા. લોકો સાથે સ્વૈચ્છિક સંસ્થા કેવી રીતે કામ કરે છે તે જાણવા સમજવા આવ્યા. તેઓ સંસ્થાના વિવિધ કાર્યક્રમ જોઈ પ્રભાવિત થયા.

- તા. ૯ જાન્યુ ૧૬ના રોજ અમેરિકાથી મેહુલભાઈ દેસાઈ તેમજ અન્ય મહેમાન શિકાગો (અમેરિકા) થી સંસ્થા દર્શન અને વિજીટીકેમાં સોશ્યલ એન્ટરપ્રિન્યોરશીપ કેવી રીતે ડેવલપ થયો છે તે જોવા, સમજવા આવ્યા.
- તા. ૨૪–૨૫ ફેબ્રુ ૧૬ અને ૨૯ ફેબ્રુ થી ૨ માર્ચ ૧૬ દરમ્યાન ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ પબ્લિક હેલ્થ (IIPH) ગાંધીનગર અને હાર્વડ યુનિર્વસીટી , અમેરિકાથી ૪ બહેનો આવી. તેઓ "બરકત બંડલ" ડીલેવરી પછી બહેનોને આપવાની કીટનો પાયલોટ અભ્યાસ કર્યો.
- તા. ૨૪ –૨૫ ફેબ્રુ ૧૬ દરમ્યાન વીલીકર ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, માટુંગા (મુંબઈ) થી રીચીબેન શાહ ( MBA બીજુ વર્ષ) ઈન્ડીવીઝયુઅલ સોશ્યલ રીસ્પોન્સીબીલીટીના પ્રોજેકટ સંદર્ભે સંસ્થા મુલાકાત માટે આવ્યા હતા.
- તા. ૧૧ માર્ચ ૧૬ના દિવસે સર્વ હેપીનેસ સંસ્થા ભરૂચ દ્વારા નિતિનભાઈ ટેલરના નેજા હેઠળ ગુજરાત, પંજાબ, રાજસ્થાન, યુ.પી. વગેરે સ્થળેથી થઈ ૧૬ સભ્ય નર્મદા પ્રેરણા યાત્રામાં સેવા રૂરલમાં આવ્યા. તેઓએ સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ જોઈ.
- નગરપાલિકા માંડવીથી ૩૦ બહેનો SHG ગ્રુપના આવ્યા અને સંસ્થા દર્શન કર્યા.

## અભ્યાસ

- તા. ૧ થી ૩૦ જાન્યુ ૧૬ દરમ્યાન શ્રીમતિ કોકિલાબેન એન. મોદી, એમ.એસ.ડબલ્યુ કોલેજ, મોડાસાથી માસ્ટર ઓફ સોશ્યલ વર્ક ( MSW ) ના અભ્યાસના ભાગરૂપે આવેલ બે વિદ્યાર્થીઓએ સંસ્થાની પ્રવૃત્તિઓ જોઈ અને સંસ્થાના જુદાજુદા વિભાગોમાં અને વિજીટીકે કેન્દ્રમાં સ્વાનુભવ મેળવ્યો.
- તા. ૨૫ જાન્યુ થી ૨૪ ફેબ્રુ ૧૬ દરમ્યાન વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિર્વસીટીમાંથી જીગ્નેશભાઈ હરીસીગભાઈ વસાવા માસ્ટર ઓફ સોશ્યલ વર્ક (MSW) વિદ્યાર્થી ફીલ્ડ પ્લેસમેન્ટમાં આવ્યા. તેઓએ કિશોર–કિશોરી જાગૃતિ કાર્યક્રમમાં વ્યકિતગત સ્વચ્છતા, એનીમીયા, વ્યસન વગેરે વિષયોની માહિતી મેળવવા સંદર્ભે સર્વે કર્યો.
- તા. ૨૧ માર્ચ થી ૩ મે ૧૬ દરમ્યાન ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદથી માસ્ટર

ઓફ સોશ્યલ વર્ક (MSW) ના બીજા વર્ષમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની નીધીબેન સાપરીયાએ એડોલેસન્ટ કાર્યક્રમ હેઠળ સેનેટરી ટોયલેટનો અભ્યાસ કર્યો. અને હોસ્પિટલમાં ગાયનેક કેસસ્ટડી લખી અને કાઉન્સેલીગ કર્યુ.

## આવકાર

- પારુલબેન સુરેશભાઈ વસાવા તા. ૧૧ જાન્યુ ૧૬થી લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે લેબોરેટરીમાં અને ડો. વિકાસભાઈ પટેલ ઓપ્થલ્મોલોજીસ્ટ તરીકે ૧૫ જાન્યુ ૧૬ અને જોડાયા છે. પ્રકાશભાઈ જી. તડવી તા. ૧૧ જાન્યુ ૧૬થી એડોલેશન્ટ પ્રોગ્રામમાં ફિલ્ડ કાર્યકર તરીકે જોડાયા સંસ્થા ત્રણેને સહર્ષ આવકારે છે.

## કસ્તુરબા હોસ્પિટલ

- હોસ્પિટલમાં દિવસે–દિવસે બહેનોની સુવાવડનું પ્રમાણ વધી રહ્યું છે. ઝઘડિયા આજુબાજુના વિસ્તારમાંથી આવનાર બહેનોની સુરક્ષિત સુવાવડ થાય માટે હોસ્પિટલને સુસજ્જ કરવામા આવેલ છે. ૬ ફીટર મોનીટર હતાં જ પરંતુ બીજા ૯ ફીટર મોનીટરનો ઉમેરો કર્યો છે. માર્ચ ૧૬ અંતિત કુલ ૪૮૭૭ સુવાવડ થઈ.
- તા. ૯ જાન્યુ ૧૬ના રોજ લેબોરેટરી અને નર્સિંગ આસિસ્ટન્ટ, નર્સિંગ ઈન્ટર્ન તાલીમાર્થી મળી ૩૨ વિદ્યાર્થિનીઓએ સૂરત સીવીલ હોસ્પિટલ અને સાયન્સ સેન્ટરની શૈક્ષણિક મુલાકાત લીધી.
- સાંપ્રત પરિસ્થિતિમાં બહેનો પોતાનું સ્વરક્ષણ કરી શકે માટે તા. ૧૧–૧૨ જાન્યુ ૧૬ દરમ્યાન હોસ્પિટલ નર્સિંગ તાલીમાર્થી તથા લેબોરેટરી આસિસ્ટન્ટને સ્વરક્ષણની તાલીમ સંસ્થામાં જ આપવામાં આવી.
- હોસ્પિટલમાં એક વર્ષની લેબોરેટરી આસિસ્ટન્ટની તાલીમ ચાલે છે. ૫મી બેચની ૪ લેબોરેટરી આસિસ્ટન્ટ વિદ્યાર્થિનીઓએ તાલીમના ભાગરૂપે ગુજરાત ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, વડોદરા એક માસ માટે જાન્યુ થી ફેબ્રુ ૧૬ દરમ્યાન પ્રેકટીકલ અને થીયરીનો સ્વાનુભવ મેળવ્યો.
- નર્સિંગની ૭મી બેચ અને લેબ. આસીસ્ટન્ટ ૪થી બેચના વિદ્યાર્થીનીઓએ સફળતાપૂર્વક તાલીમ અને ઈન્ટર્નશીપ પૂર્ણ કરી તેઓને તા. ૮ માર્ચ ૧૬ના રોજ શરીફાબેન વીજળીવાલાના હસ્તે સર્ટીફીકેટ આપવામાં આવ્યા હતા.
- જાન્યુ ૧૬થી ક્રિશ્ચ્યન મેડીકલ કોલેજ, વેલોર (તામિલનાડુ)માં CMC સભ્ય બન્યાં. જે

દ્વારા દર મહિને ત્યાંથી લેબોરેટરી ટેસ્ટ માટેના કવોલીટી કન્ટ્રોલ સેમ્પલ મંગાવી વેબસાઈટ પર રીઝલ્ટ મોકલી આપવાનું શરૂ કરવામાં આવ્યું છે, જેથી અહીની લેબ. અને તેઓની સ્ટાન્ડર્ડ લેબ. ના રીઝલ્ટની સાથે તુલના કરવામાં આવે છે.

- હોસ્પિટલમાં ફેબ્રુ ૧૬થી આંખના દર્દીઓને ફાઈલ આપવાનું શરૂ કર્યુ છે.
- હોસ્પિટલમાં પ્રસવનું તેમજ અન્ય કામકાજ વધવાના કારણે ૪ નવી બહેનો લીધી જેમાં નિકીતાબેન મન્સુરી, મનીષાબેન વસાવા, લતાબેન વસાવા, વેરોનીકાબેન બારીયા જોડાઈ.
- ડો. કલ્પનાબેન શાહ, (એનેસ્થેસીસ્ટ) રજા પર હોવાથી ભરૂચથી પ્રાઈવેટ એનેસ્થેસીસ્ટ ડો. રાજેશભાઈ દલાલ, ડો. પરાગભાઈ મોદી, ડો. નટુભાઈ પટેલની સારી મદદ મળી રહી છે.
- તા.૨૬ માર્ચ ૧૬ના રોજ કુલ ૮ દર્દીની ૧૧ સર્જરી થઈ. ડો. કલ્પેશભાઈ શાહ વડોદરાની જનરલ સર્જરીમા સારી મદદ મળી.
- તા. ૨૮ માર્ચ ૧૬થી એક અઠવાડિયા માટે ડો. વિનીચો જે ( કેન્સર સર્જન ) ઈટાલીથી આવ્યા હતા. તેઓને ફોટોગ્રાફીનો ખૂબ રસ હોવાથી હોસ્પિટલમાં ઓ.પી.ડી., ઈન્ડોર દર્દીઓનાં વિવિધ ફોટોગ્રાફ લીધા.

**ગાયનેક કેમ્પ**

| અ. નં. | તારીખ | સ્થળ | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧. | ૧–૧–૨૦૧૬ | નેત્રંગ | ૧૨૫ |
| ૨. | ૨૧–૧–૨૦૧૬ | નેત્રંગ | ૮૫ |
| ૩. | ૨૮–૧–૨૦૧૬ | ડેડિયાપાડા | ૩૯ |
| ૪. | ૪–૨–૨૦૧૬ | નેત્રંગ | ૮૭ |
| ૫. | ૧૧–૨–૨૦૧૬ | મોટાજાંબુડા | ૫૪ |
| ૬. | ૧૮–૨–૨૦૧૬ | નેત્રંગ | ૯૩ |
| ૭. | ૨૫–૨–૨૦૧૬ | ડેડીયાપાડા | ૪૬ |
| ૮. | ૩–૩–૨૦૧૬ | નેત્રંગ | ૭૪ |
| ૯. | ૩–૩–૨૦૧૬ | તલોદ્રા | ૭૪ |
| ૧૦. | ૧૦–૩–૨૦૧૬ | ભાલોદ | ૪૮ |
| ૧૧. | ૧૪–૩–૨૦૧૬ | નેત્રંગ | ૯૭ |
| | **કુલ** | | **૮૨૨** |

**જનરલ**

- તા. ૨ જાન્યુ. ૧૬ના રોજ શારદામાં જન્મજયંતિ ઉજવણી કરવામાં આવી.
- તા. ૮ જાન્યુ. ૧૬ના રોજ ટુ વ્હીલર ટ્રેનિંગ વિઝીટીકે રાખવામાં આવી. જેમાં બહેનો પણ જોડાયા.

## આંખ વિભાગ

- પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ સુરેન્દ્રનગરમાં અખિલ ગુજરાત અંધ મહિલા વાનગી સ્પર્ધા રાખવામાં આવી હતી. ગુજરાત સ્તરે અંધ બાળાઓ વચ્ચે આઠમી વાનગી સ્પર્ધા તા. ૩૦ જાન્યુ ૧૬ના રોજ રાખી હતી જેમાં સેવા રૂરલ ઝઘડિયા સંચાલિત સી.બી.આર. પ્રોજેકટની સાત પ્રજ્ઞાચક્ષુ બહેનોએ ભાગ લીધો હતો. તેઓને પ્રોત્સાહિત ઈનામ તરીકે ડ્રેસનું કાપડ આપવામાં આવ્યુ હતુ.

આ સ્પર્ધાનો હેતુ અંધ બાળાઓની ઘરકામમાં નિપૂણતા વધે અને તેઓ ઘરના પૌષ્ટિક, સાત્વિક ભોજન દ્વારા તંદુરસ્ત રહે.

## આંખ વિભાગ

### જાન્યુઆરી થી માર્ચ ૧૬ સુધી યોજાયેલ નેત્ર નિદાન કેમ્પ માહિતી

| ક્રમ | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૧. | ૩–૧–૧૬ | મકતમપુર | ભરૂચ | મિસ્ત્રી – માછી સમાજ, ભરૂચ તથા Host. |
| ૨. | ૬–૧–૧૬ | ઝનોર | ભરૂચ | NTPC હોસ્પિટલ તથા ગાયત્રી લેડીજ કલબ – ઝનોર. |
| ૩.<br>૪. | ૧૦–૧–૧૬<br>૨૭–૩–૧૬ | કુરાલ<br>દહેજ | પાદરા<br>વાગરા | અનુગ્રહ દષ્ટિદાન – દિલ્હી. |
| ૫. | ૧૨–૧–૧૬ | તરોપા | નાંદોદ | સ્વ. રમુબેન દેવેન્દ્રભાઈ પંડયા (રાજપીપલા) ના સ્મરણાર્થે અને આર. એન. દિક્ષીત હાઈસ્કુલ–તરોપા તથા Host. |
| ૬. | ૧૭–૧–૧૬ | નબીપુર | ભરૂચ | સબીહાબેન સાજીદભાઈ મૂસા ( U.K.) સાર્વજનિક ટ્રસ્ટ હોસ્પિટલ – નબીપુર |
| ૭. | ૨૧–૧–૧૬ | આછોદ | આમોદ | આછોદ ગ્રામજનો |
| ૮. | ૨૦–૧–૧૬ | નવા રાજુવાડીયા | નાંદોદ | સતિષભાઈ રાવજીભાઈ પટેલ નવા રાજુવાડીયા તથા પ્રતાપ વિદ્યાલય NSS યુનિટ" |
| ૯. | ૨૪–૧–૧૬ | કરજણ | કરજણ | બ્લેક બર્ન યુ. કે. નબીપુરના ભાઈઓ તરફથી. |
| ૧૦. | ૨૭–૧–૧૬ | ઓરી | નાંદોદ | સ્વ. ભીખુભાઈ દાદાભાઈ દેસાઈના સ્મરણાર્થે તથા ઓરી હાઈસ્કુલ. |
| ૧૧. | ૩૧–૧–૧૬ | જંબુસર | જંબુસર | સ્વ. રેવાબેન સીતારામભાઈ ભકત તથા સ્વ. સીતારામભાઈ રણછોડજી ભકત –સામપુરાના સ્મરણાર્થે હસ્તે – કરશનભાઈ અને ગુલાબબેન ભકત – સામપુરા તથા જે.એમ. શાહ આર્ટસ એન્ડ કોર્મસ કોલેજ NSS યુનિટ– જંબુસર |
| ૧૨. | ૩–૨–૧૬ | ગુણેથા | નાંદોદ | સ્વ. લાડવઈબેન પંડયા (રાજપીપલા)ના સ્મરણાર્થે તથા Host. |
| ૧૩. | ૭–૨–૧૬ | ખરચ | હાંસોટ | સ્વ. મનુભાઈ વસનજીભાઈ દેસાઈના સ્મરણાર્થે હસ્તે શ્રી નિલેશભાઈ બટુભાઈ દેસાઈ – યુ.એસ.એ. |
| ૧૪. | ૧૦–૨–૧૬ | સરૂપૂરટીબી | કરજણ | સ્વ. કાંતાબેન રાવજીભાઈ પટેલ ( સરૂપૂરટીબી) ના સ્મરણાર્થે પરિવારજનો દ્વારા. |
| ૧૫. | ૧૪–૨–૧૬ | વાલીયા | વાલીયા | સ્વ. જયંતિલાલ જીવણભાઈ ટેલર (લંડન) ના સ્મરણાર્થે હસ્તે જયાબેન જયંતિલાલ ટેલર તથા શ્રી રંગ મહિલા આર્ટસ કોલેજ– વાલીયા. |
| ૧૬. | ૧૭–૨–૧૬ | સરદારપુરા | ઝઘડિયા | Privi Organics Limited-Jhagadia (GIDC) |

| ક્રમ | કેમ્પ તારીખ | ગામ | તાલુકો | સહયોગી સંસ્થા / વ્યકિત |
|---|---|---|---|---|
| ૧૭. | ૨૪–૨–૧૬ | ધારોલી | ઝઘડિયા | સ્વ. ચંદનબેન ભાઈલાલભાઈ પટેલ – ધારોલીના સ્મરણાર્થે તથા Host. |
| ૧૮. | ૨૮–૨–૧૬ | પંડવાઈ | હાંસોટ | શ્રી ખેડૂત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લિ. પંડવાઈ |
| ૧૯. | ૨–૩–૧૬ | ઓઝ | કરજણ | સ્વ. નારણભાઈ નાથાભાઈ પટેલ (ઓઝ) ના સ્મરણાર્થે તથા આનંદીબેન મોહનભાઈ પટેલ જન્મદિન નિમિત્તે– વડોદરા.. |
| ૨૦. | ૬–૩–૧૬ | કેશવાણ | વાગરા | જનસેવા ટ્રસ્ટ (કોપર બીરલા) – દહેજ |
| ૨૧. | ૯–૩–૧૬ | સારંગપુર | અંકલેશ્વર | સજજન ઈન્ડીયા લીમીટેડ – અંકલેશ્વર |
| ૨૨.<br>૨૩. | ૧૨–૩–૧૬<br>૧૩–૩–૧૬ | ઉચેડીયા<br>ઝઘડિયા | ઝઘડિયા | ઈન્ડીયન ઓઈલ કોર્પોરેન – વડોદરા |
| ૨૪. | ૧૬–૩–૧૬ | ઉમલ્લા | ઝઘડિયા | રાજશ્રી પોલીફીલ – ઉમલ્લા |
| ૨૫. | ૨૦–૩–૧૬ | અંકલેશ્વર | અંકલેશ્વર | સરદાર પટેલ સોશ્યલ ગ્રુપ– અંકલેશ્વર |
| ૨૬. | ૩૦–૩–૧૬ | સારોદ | જંબુસર | પી. એન. પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ – વડોદરા તથા પાટીદાર પ્રગતિ મંડળ, ઝારોલા<br>સારોદ સાર્વજનિક ટ્રસ્ટ– હોસ્પિટલ. |

**નોંધ** :

– ઉપર મુજબના તમામ કેમ્પમાં જિલ્લા અંધત્વ નિવારણ સમિતિ સિવિલ હોસ્પિટલ – ભરૂચ દ્વારા ટ્રાન્સપોર્ટેશન ખર્ચ મળેલ છે.

– Host- હરિ ઓમ સેવા ટ્રસ્ટ – વડોદરા.

## કોમ્યુનીટી હેલ્થ પ્રોજેકટ

- તા. ૧૭–૧૮ નવે ૧૫ દરમ્યાન HCL ફાઉન્ડેશન, લખનૌથી શ્રી નવનીતભાઈ કૌર અને શ્રી આલોકભાઈ શર્મા (પ્રોજેકટ મેનેજર) આઈ. એમ. ટેકો પ્રોગ્રામ વિષે જાણવા– સમજવા આવ્યા.
- સેવા રૂરલમાં નવી ઈન્સ્ટિટયુશનલ ઈથીકસ (IEC) કમિટીની રચના જુલાઈ ૧૫થી થઈ તેમાં ૧૦ સભ્યો છે. દર ત્રણ માસે મિટીંગ થાય છે. ત્રીજી મિટીંગ તા. ૨૯ જાન્યુ ૧૬ના દિવસે થઈ. તેમાં ૬ કમિટી સભ્ય સહભાગી થયા. સેવા રૂરલ દ્વારા રજુ કરેલ ત્રણ રીસર્ચ પ્રોટોકોલ વિશે ચર્ચા કરવામાં આવી.

- સેવા રૂરલના સી. એચ. પી. વિભાગના ImTeCHO પ્રોજેક્ટ અંતર્ગત નર્મદા જીલ્લામાં આશાબેનોને મોબાઈલ ફોનની તાલીમ આપીને તૈયાર કર્યા છે. સાગબારા બ્લોકના ચાર પી.એચ.સી.ના આશાબેનો બે વર્ષથી મોબાઈલ દ્વારા માતૃબાળ સંભાળની સેવાઓ આપે છે.

  આ આશાબેનોના બે વર્ષના પ્રતિભાવો મેળવવા માટે તા. ૨૫ ફેબ્રુ ૧૬ના રોજ સાગબારા મુકામે આશા સંમેલન રાખવામાં આવ્યુ હતુ.

  આશા સંમેલનમાં સાગબારા બ્લોકના તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો. ધિરેન્દ્રભાઈ, સેવા રૂરલના ડો. ધિરેનભાઈ અને ડો. આકાશભાઈ તેમજ ફિલ્ડ સ્ટાફ હાજર રહ્યા હતા. કુલ ૧૨૦ આશાબેનોએ હાજર રહીને તેમના પ્રતિભાવો આપ્યા હતા. આશાબેનોને બે વર્ષ પહેલાં આપેલ જુના મોબાઈલ બદલીને નવા આપવામાં આવ્યા.
- ImTeCHO પ્રોજેક્ટ અંતર્ગત તિલકવાડા બ્લોકના આશાબેનો મોબાઈલ ફોન દ્વારા આરોગ્ય સેવાઓ આપે છે. આશાબેનોનું વાર્ષિક સંમેલન તિલકવાડા મુકામે તા. ૨૨ માર્ચ ૧૬ના રોજ રાખવામાં આવ્યું. તિકલવાડાના તાલુકા આરોગ્ય અધિકારીની આગેવાની હેઠળ પ્રા. આ. કેન્દ્રના મેડીકલ ઓફિસર્સ, ફિલ્ડ સ્ટાફ તેમજ સેવા રૂરલમાંથી ડો. આકાશભાઈ શિંદે અને ટીમ જોડાયા હતા.
- ImTeCHO પ્રોજેક્ટ હેઠળ ભરૂચ અને નર્મદા જિલ્લાની ૨૨ પી.એચ.સી.માં રીસર્ચ કાર્યક્રમ હાથ ધરેલ છે. આ પ્રોજેક્ટમાં ગુજરાત સરકારના સ્વાસ્થ્ય અને કુટુંબ કલ્યાણ વિભાગ, ઈન્ડીયન કાઉન્સીલ ઓફ મેડીકલ રીસર્ચ, નવી દિલ્હી અને વિશ્વ આરોગ્ય સંસ્થા, જીનીવાનો સહયોગ મળી રહ્યો છે. આ પ્રોજેક્ટમાં આશા બહેનો દ્વારા મોબાઈલ ફોનની મદદથી સગર્ભા, ધાત્રીમાતા અને બાળકના સ્વાસ્થ્યની સેવા ગામડાઓમાં પહોંચાડવામાં આવે છે.

  અત્યાર સુધીમાં કુલ ૬૦૦ જેટલી આશા બહેનોને તાલીમ આપવામાં આવી. હેલ્થ ટ્રેનિંગ અને રીસોર્સ સેન્ટર ગુમાનદેવ (વિજીટીકે) કેમ્પસમાં આશાબેનોના તાલીમમાં જોડાવાનો અને શીખવાની ધગશ ખૂબ હતી. તાલીમ દરમ્યાન રોજબરોજની વિવિધ કામગીરીમાં અને તાલીમના વિષયો શીખવામાં તેમજ રાત્રી કાર્યક્રમોમાં ખૂબ જ ઉત્સાહથી જોડાતા હતા. ઘણા આશા બહેનોને કુટુંબની મુશ્કેલીઓ હોવા છતાં ટ્રેનિંગ પુરી કરી.

  આશા બહેનોએ તાલીમ બાદ પ્રતિભાવો આપતા જણાવ્યું કે મોબાઈલ ફોનની મદદથી ગામમાં લાભાર્થીઓને અમે સમયસર સેવાઓ પુરી પાડી શકીશુ. હવે અમારે બધુ યાદ રાખવુ નહિ પડે. અમારી સવાઓની ગુણવત્તામાં વધારો થશે. ગામમાં અમારુ માન વધશે.

## તાલીમ કાર્યક્રમ

| સંસ્થા | તાલીમાર્થી પ્રકાર | વિષય |
|---|---|---|
| પ્રા. આ. કેન્દ્ર, ભુજેઠા | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, અગર | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, વજિરીયા | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| રીલાયન્સ ફાઉન્ડેશન, નેત્રંગ | ગ્રામ્ય આરોગ્ય કાર્યકર | ન્યુટ્રીશન તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, અગર | આશા કાર્યકર | આઈ. એમ. ટેકો તાલીમ |
| પ્રા. આ. કેન્દ્ર, થવા | સ્ત્રી આરોગ્ય કાર્યકર (FHW) | મોબાઈલ ઓરીએન્ટેશન |
| પ્રા. આ. કેન્દ્ર, કરા | સ્ત્રી આરોગ્ય કાર્યકર (FHW) | મોબાઈલ ઓરીએન્ટેશન |
| પ્રા. આ. કેન્દ્ર, સીસોદ્રા | સ્ત્રી આરોગ્ય કાર્યકર (FHW) | મોબાઈલ ઓરીએન્ટેશન |
| પ્રા. આ. કેન્દ્ર, વજીરીયા | સ્ત્રી આરોગ્ય કાર્યકર (FHW) | મોબાઈલ ઓરીએન્ટેશન |
| પ્રા. આ. કેન્દ્ર, જેસલપુર | સ્ત્રી આરોગ્ય કાર્યકર (FHW) | મોબાઈલ ઓરીએન્ટેશન |
| પ્રા. આ. કેન્દ્ર, સોલીયા | સ્ત્રી આરોગ્ય કાર્યકર (FHW) | મોબાઈલ ઓરીએન્ટેશન |
| પ્રા. આ. કેન્દ્ર, ભુજેઠા | સ્ત્રી આરોગ્ય કાર્યકર (FHW) | મોબાઈલ ઓરીએન્ટેશન |
| પ્રા. આ. કેન્દ્ર, ગોપાલીયા | સ્ત્રી આરોગ્ય કાર્યકર (FHW) | મોબાઈલ ઓરીએન્ટેશન |
| પ્રા. આ. કેન્દ્ર, ગંગાપૂર | સ્ત્રી આરોગ્ય કાર્યકર (FHW) | મોબાઈલ ઓરીએન્ટેશન |
| પ્રા. આ. કેન્દ્ર, ખૈડીપાડા | સ્ત્રી આરોગ્ય કાર્યકર (FHW) | મોબાઈલ ઓરીએન્ટેશન |
| પ્રા. આ. કેન્દ્ર, અગર | સ્ત્રી આરોગ્ય કાર્યકર (FHW) | મોબાઈલ ઓરીએન્ટેશન |
| પ્રા. આ. કેન્દ્ર, પાટલામાઉં | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ |
| પ્રા. આ. કેન્દ્ર, સોલીયા | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ |
| પ્રા. આ. કેન્દ્ર, ઝઘડિયા | આશા કાર્યકર | માતૃબાળ સંભાળ |

## વર્કશોપ, સેમીનારમાં જોડાયા

| તારીખ | સંસ્થા | વિષય |
|---|---|---|
| ૧૫ ડિસે. ૧૫ | ટાટા ટ્રસ્ટ ગેટસ ફાઉન્ડેશન, રીલાયન્સ ફાઉન્ડેશન ( MERCK ), નવી દિલ્હી | માતૃબાળ સંભાળ ટેકનોલોજીનો ઉપયોગ |
| ૪ જાન્યુ. ૧૬ | ભારત સરકાર, દિલ્હી | આઈ.એમ. ટેકો ઈ ગર્વનન્સ એવોર્ડ |
| ૪ જાન્યુ. ૧૬ | સેટકો ફાઉન્ડેશન, કાલોલ | આઈ.એમ. ટેકો પ્રોજેકટ |
| ૭ થી ૯ જાન્યુ. ૧૬ | ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, ગાંધીનગર | એસોસીએશન ઓફ પ્રિવેન્ટીવ એન્ડ સોશ્યલ મેડીસીન (IAPSM) નેશનલ કોન્ફરન્સ |
| ૮ જાન્યુ. ૧૬ | ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટયુટ ઓફ ડ્રાઈવીંગ, ટેકનીકલ ટ્રેનિંગ એન્ડ રીસર્ચ, વાઘોડિયા (વડોદરા) | રોડ સેફટી |

| તારીખ | સંસ્થા | વિષય |
|---|---|---|
| ૮ જાન્યુ. ૧૬ | આઈ. સી. એમ. આર, દિલ્હી | આઈ.એમ. ટેકો રીસર્ચ પ્રોજેકટ |
| ૧૧ જાન્યુ. ૧૬ | સેટકો ફાઉન્ડેશન, કાલોલ | આઈ.એમ. ટેકો પ્રોજેકટ |
| ૧૧ જાન્યુ. ૧૬ | સેન્ટર ફોર એન્વાયરમેન્ટ એજયુકેશન, અમદાવાદ | સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (એસ.ડી.જી.) |
| ૨૦ જાન્યુ. ૧૬ | ભરૂચ ડીસ્ટ્રીકટ મેનેજમેન્ટ એસોસીએશન ( BDMA ), ભરૂચ | ઈફેકટીવ પ્રેઝેન્ટેશન |
| ૨૭ જાન્યુ. ૧૬ | સેવા રૂરલ, ઝઘડિયા | ઈન્સ્ટિટયુશનલ ઈથિકસ કમિટી મિટીંગ |
| ૨૭ જાન્યુ. થી ૨ ફેબ્રુ. ૧૬ | સર્ચ, ગડચિરોલી | નિર્માણ કાર્યક્રમ ફોલોઅપ વર્કશોપ |
| ૨૮–૨૯ જાન્યુ. ૧૬ | ટાટા ટ્રસ્ટ, મુંબઈ | સીમ્પોઝીયમ ઓન ઈનેબ્લીંગ સોશ્યલ ટ્રાન્સફરમેશન થ્રુ ટેકનોલોજી |
| ૫ ફેબ્રુ. ૧૬ | યુનિસેફ અને ગુજરાત સરકાર, ગાંધીનગર, | મમતા અભિયાન માર્ગદર્શિકા પુનરાવર્તન વર્કશોપ |
| ૮ ફેબ્રુ. ૧૬ | આઈ. સી. એમ. આર, દિલ્હી | આઈ.એમ. ટેકો રીસર્ચ પ્રોજેકટ |
| ૧૧–૧૨ ફેબ્રુ. ૧૬ | મેકાર્થર ફાઉન્ડેશન, દિલ્હી | સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ (એસ.ડી.જી.) અને માતૃ સંભાળ |
| ૨૫ ફેબ્રુ. ૧૬ | સેવા રૂરલ, ઝઘડિયા | આશા સંમેલન |
| ૨૭ – ૨૯ ફેબ્રુ. ૧૬ | ગુજરાતી કેળવણી પરિષદ, સાયલા | જીવન, શાળા, વાલી અને વિદ્યાર્થીઓ વચ્ચે શિક્ષણનો સંબંધ |
| ૨૯ ફેબ્રુ. ૧૬ | સીવીલ હોસ્પિટલ, વડોદરા, ગોધરા, ગાયત્રી હોસ્પિટલ, હાલોલ | નીઓનેટલ, ઈન્ફન્ટ ચાઈલ્ડ યુનિટ, ડીલેવરી વિભાગ મુલાકાત. |
| ૫ માર્ચ ૧૬ | સહિયર, વડોદરા | કિશોર–કિશોરી મેળો સમાનતા તરફ એક ડગલુ. |
| ૯ માર્ચ ૧૬ | ઓળખ, વડોદરા | જેન્ડર |
| ૯–૧૦ માર્ચ ૧૬ | કોમનવેલ્થ, પૂના | ડેડ વુમેન ટોકીંગ |
| ૧૦ માર્ચ ૧૬ | પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | નેશનલ કોન્ફરન્સ એડોલેસન્ટ ઈન હેલ્થ |
| ૧૨ માર્ચ ૧૬ | પ્રમુખ સ્વામી મેડીકલ કોલેજ, કરમસદ | નેશનલ કોન્ફરન્સ એડોલેસન્ટ ઈન હેલ્થ |
| ૧૨ માર્ચ ૧૬ | બોમ્બે મેડીકલ ફેર, ગોરેગાંવ ( મુંબઈ) | મેડીકલ સાધનો જોવા. |
| ૧૯ માર્ચ ૧૬ | સંસ્કાર દીપ હાઈસ્કુલ, અંકલેશ્વર | દંપતિ સંમેલન |
| ૧૯ માર્ચ ૧૬ | ગ્રામ સેવા ટ્રસ્ટ, ખારેલ | આંતરરાષ્ટ્રીય મહિલા દિન. |
| ૨૨ માર્ચ ૧૬ | ગેલેકસી, ઝઘડિયા | સ્ટેક હોલ્ડર મિટીંગ |

| તારીખ | સંસ્થા | વિષય |
|---|---|---|
| ૨૯ માર્ચ ૧૬ | યુનિસેફ અને ગુજરાત સરકાર, ગાંધીનગર, | મમતા અભિયાન માર્ગદર્શિકા પુનરાવર્તન વર્કશોપ |
| ...... ફેબ્રુ ૧૬ | કલેકટર ઓફિસ, ભરૂચ | મેટરનલ ડેથ રીવ્યુ. |
| ૧૨ માર્ચ ૧૬ | Masse dusseldorf India મુંબઈ | મેડીકલ ફેર (મેડીકલના સાધનો જોવા) |
| ૨૯ માર્ચ ૧૬ | યુનિસેફ અને ગુજરાત સરકાર, ગાંધીનગર, | મમતા અભિયાન માર્ગદર્શિકા પુનરાવર્તન વર્કશોપ |
| ૨૯ માર્ચ ૧૬ | શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલ અને ઈન્ડિયન એકેડમી ઓફ પીડીયાટ્રીક, વલસાડ | બાળકોનો વિકાસ અને તેમાં આવતા અવરોધો. |
| ૨૦ ફેબ્રુ ૧૬ | ધી ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ સીવીલ એન્જીનીયરીંગ એન્ડ આર્કિટેકટ અને સોસાયટી ફોર એન્વાયરમેન્ટ પ્રોટેકશન "હેબીટલ કોન્કલેવ", અમદાવાદ | સ્માર્ટ વિલેજ પ્રેઝેન્ટેશન |
| ૨૧–૨૨ માર્ચ ૧૬ | અંજલી –રણાસણ, સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટ, સાબરકાંઠા | સંસ્થા દર્શન, રકતપિત્ત દર્દીઓનુ પુનઃર્વસન |

## વિવેકાનંદ ગ્રામીણ ટેકનીકી કેન્દ્ર

- તા. ૮ જાન્યુ ૧૬ના રોજ વિજીટીકે ટ્રેનિંગ સેન્ટરમાં ટુ, ફોર વ્હીલર ચલાવતા સ્ટાફનો રોડ સેફટીનો વર્કશોપ " ઓલ ગુજરાત ઈન્સ્ટીટયુટ ઓફ ડ્રાઈવીંગ ટેકનિકલ ટ્રેનિંગ રિસર્ચ" સંસ્થા ગજાધરા – વડોદરાની ટીમ દ્વારા યોજાયો જેમાં સંસ્થાના દરેક વિભાગના વેહીકલ ચલાવતા કાર્યકરો જોડાયાં. રોડ પર સાધન ચલાવતી વખતે કેવા પ્રકારની સલામતી રાખવી, સારા ચાલકની જરૂરિયાતો, લક્ષણો વિશે જાણકારી આપવામાં આવી.
- તા. ૧૨ જાન્યુ ૧૬ ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહમિલન રાખવામાં આવેલું જેનો મુખ્ય ઉદ્દેશ તાલીમાર્થીઓનો અરસપરસ પરિચય થાય, વિવેક મિત્રમંડળ વધુ મજબૂત થાય તથા વિજીટીકે સાથેના સંબંધો ઘનિષ્ઠ બને.
- તા. ૨૩ જાન્યુ ૧૬ના રોજ ઈલેકટ્રીશીયન અને વેલ્ડર ટ્રેડના વિદ્યાર્થી ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી. અંકલેશ્વર જી.આઈ.ડી.સી. વેલ્કીન ઈન્જીનીયરીંગમાં વેલ્ડર ટ્રેડના વિદ્યાર્થીઓએ તથા પ્લાઝમાં કટીગ ઓર્ગન (ટીગ) વેલ્ડીગ વોટર કુલીગના મશીન જોયા, રોલર મશીન બેન્ડીગ મશીન વગેરે જોયા. રોપરા ઈન્જીનીયરીગમાં રોલર મશીન, રીગ વેલ્ડીંગ મશીન, કટીંગ મશીન જોયુ. જી.આઈ.ડી.સી.માં રોડ પર કાર્બાઈડ ગેસ વેલ્ડીગ પ્લાન જોયો. (લો પ્રેસર).
- ટર્નર ટ્રેડમાં તા. ૨૫ જાન્યુ ૧૬ના રોજ શૈક્ષણિક પ્રદર્શન રાખવામાં આવેલ જેમાં ટર્નર ટ્રેડ વિશેની માહિતી વિદ્યાર્થીઓ દ્વારા આપવામાં આવી. ટ્રેડમાં ૬ માસ દરમ્યાન બનાવેલા જોબનો વિડીયો બતાવવામાં આવ્યો

જેમાં વિદ્યાર્થીઓ પોતે કામ કરે છે અને સાથે સૂચનો પણ આપેલા હતા. ટ્રેડમાં બનાવેલ જોબ જે વિવિધ પ્રકારનાં ઓપરેશનથી બનેલા હતા, તેના વિષે માહિતગાર કર્યા. મેજરીંગ ઈન્સ્ટ્રુમેન્ટ, કટીંગ ટુલ્સ, હેન્ડ ટુલ્સ અને માર્કિંગ ટુલ્સ વિષયની માહિતી, લેથ મશીનની ઉત્પત્તિ ક્યારે થઈ અને હાલમાં ઉપયોગમાં આવતા લેથ મશીન કેવા પ્રકારના છે તે વિષેની માહિતી દરેક ટ્રેડનાં વિદ્યાર્થીઓને આપવામાં આવી.

- તા. ૨૬ જાન્યુ ૧૬ના રોજ ૬૭માં ગણતંત્ર દિવસની ઉજવણી ઈલેકટ્રીશીયન કમ મોટર રિવાઈન્ડીંગ ટ્રેડના વિદ્યાર્થી જીતેન્દ્ર વસાવાના હસ્તે કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓ તથા સ્ટાફ જોડાયા હતા.
- તા. ૨૦ ફેબ્રુ ૧૬ના રોજ "એન્વાયરમેન્ટ કમ કેમિકલ પ્લાન્ટ ઓપરેટર" ટ્રેડ અને પ્રિન્ટીંગ ટ્રેડના વિદ્યાર્થીઓને અંકલેશ્વરમાં આવેલ વરદાઈની કેમિકલ્સ અને પ્રિન્ટીંગ ટ્રેડના વિદ્યાર્થીઓની નવજીવન ઓફસેટમાં મુલાકાત ગોઠવવામાં આવી હતી. એન્વાયરમેન્ટ પ્લાન્ટ ઓપરેટર (ઈ.પી.ઓ.) ટ્રેડના વિદ્યાર્થીઓએ અલગ અલગ પ્રકારના રીએકટરો, પંપો, કેમિકલ લેબ તથા રો–મટીરીયલ ગોડાઉન તથા ફાઈનલ પ્રોડકટ ગોડાઉન જોયા હતા તથા પ્રિન્ટીંગના વિદ્યાર્થીઓએ પ્રિન્ટીંગને લગતી વિવિધ મશીનરી જોઈ હતી.
- તા. ૩ થી તા. ૫ માર્ચ ૧૬ દરમ્યાન સ્વરોજગાર કરતાં વિદ્યાર્થીઓ તથા ચાલુ બેચના સ્વરોજગાર કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓ માટે ત્રણ દિવસની "ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ માટેની શિબિર ગુજરાત સરકાર દ્વારા સંચાલિત ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન "સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ" (CED) દ્વારા રાખવામાં આવી હતી, જેમાં ક્યો ઉદ્યોગ શરૂ કરવો, કેવી રીતે ઉદ્યોગ સ્થાપવો, કઈ કઈ મદદ અને સવલતો ઉપલબ્ધ છે તથા ઉદ્યોગનું સફળ સંચાલન કઈ રીતે કરવું તેને લગતું જરૂરી જ્ઞાન, વ્યવસ્થિત માહિતી અને વ્યવહારુ માર્ગદર્શન CED માંથી આવેલ મયંકભાઈ ભરવાડા તથા તેમના બીજા સભ્યો દ્વારા આપવામાં આવ્યું.
- તા. ૨૧ અને ૨૨ માર્ચ ૧૬ ના રોજ શૈક્ષણિક પ્રવાસના ભાગરૂપે રાજેશભાઈ પટેલ, રમેશભાઈ મિસ્ત્રી, મનિષભાઈ ચૌહાણ, શાન્તીલાલ જાધવ, કાલીદાસભાઈ ઓડ, યોગેન્દ્રસિંહ રહેવર, હિતેષભાઈ પટેલ, કલ્યાણસિંહ રાઠોડ અને અક્ષયભાઈ વસાવાએ રણાસણમાં આવેલી અંજલી હોસ્પિટલની મુલાકાત લીધી. હોસ્પિટલ તથા વિવિધ પ્રકારની સેવાલક્ષી પ્રવૃત્તિઓ, આંખના કેમ્પ તથા પર્યાવરણના બચાવ માટે ગામની ગૌચર જમીનમાં વૃક્ષારોપણ જેવી વિવિધ પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ ઉપરાંત ત્યાં નજીકમાં હિંમતનગર, શામળાજી, નેશનલ હાઈવે પર આવેલી 'સહયોગ કૃષ્ઠયજ્ઞ ટ્રસ્ટ' ની પણ મુલાકાત લીધી. આ સંસ્થા દ્વારા રકતપિત્તગ્રસ્તોનું પુનવર્સન, રકતપિત– ગ્રસ્તોના ગરીબ બાળકો માટે છાત્રાલય, મંદબુધ્ધિના પુખ્ત ભાઈઓ તથા બહેનો માટે નિવાસી તાલીમ કેન્દ્ર, હોસ્પિટલ તથા અશકત વૃધ્ધ બીમાર ગાયો માટે ગૌશાળા ચલાવવામાં આવે છે.

## શારદા મહિલા વિકાસ સોસાયટી

### વહીવટી સંચાલન

- સોસાયટીના સંચાલનમાં ગ્રામ્યસ્તરની સહયોગી બેનો, સ્ટાફ કાર્યકરો અને રસ ધરાવતા, અનુભવી મહિલા નિષ્ણાતો સાથે ચર્ચા–વિચારણા કરવામાં આવે છે. આ ત્રણ માસ દરમ્યાન ૬ કોરગ્રુપ, ૨ કારોબારી મિટીગ અને ૧ નિયામક મંડળની મિટીગ થઈ. જેમાં શા.મ.વિ.સો. ના વેચાણ કેન્દ્રની જગ્યા બદલવાનો નિર્ણય, વીમેન પ્રોગ્રામની ચર્ચા, અન્ય કાર્યક્રમો જેવા કે, મા શારદામાંની જન્મજયંતિ, આંતરારાષ્ટ્રીય મહિલા દિન તેમજ શિબિરોનું પ્લાનીગ અને ટ્રસ્ટીઓ સાથે રહીને ગત વર્ષના બજેટની ચર્ચા અને મંજુરી તેમજ નવા વર્ષના બજેટની ચર્ચ અને ભવિષ્યની કામગીરીના આયોજન અંગે ચર્ચા કરવામાં આવી.

### સંસ્થા દર્શન

- તા. ૧૫,૧૬ ફેબ્રુ૧૬ ના રોજ વાગરમાં સર્વોદય પરિવાર દ્વારા આયોજીત ગાંધીમેળામાં અન્ય વિભાગની સાથે અવેરનેસ વિભાગમાંથી નીતાબેન અને પ્રકાશભાઈ સહભાગી બન્યા. સંસ્થા દ્વારા ગોઠવાએલ ન્યુટ્રીશન સ્ટોલમાં મેળામાં આવનાર બધાનું 'બોડી માસ ઈન્ડેકસ' (BMI) કરી આપ્યુ જે બધાને બહુ ગમ્યુ.
- તા. ૫ માર્ચ ૧૬ ના રોજ 'સહિયર' વડોદરામાં કિશોર–કિશોરી મેળામાં શા.મ.વિ.સો. માંથી નીતાબેન વસાવા, તૃષિતભાઈ ગામીત, પ્રકાશભાઈ તડવી સહભાગી બન્યા. જેન્ડર, માસિકચક્ર, કિશોર–કિશોરી ફેરફાર વગેરે વિષયોની વિવિધ માધ્યમો દ્વારા માહિતી આપવામાં આવી. આ મેળાનો વડોદરાની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ લાભ લીધો.
- તા. ૯મી માર્ચ ૧૬ના રોજ 'ઓળખ', વડોદરા દ્વારા આયોજીત જેન્ડર વર્કશોપમાં રંજનબેન અટોદરિયા અને પરવિન્દાબેન પટેલ, જાગૃતિબેન શાહ સહભાગી બન્યા. કમલાબેન બસીને (ઈન્ટરનેશનલ જેન્ડર નિષ્ણાતે ) તેમની સાદી, સરળ ભાષામાં આ વિષયની સમજ આપી જે સહભાગીઓને ઉપયોગી બનશે.
- તા. ૧૯ માર્ચ ૧૬ના રોજ સંસ્કારદીપ શાળા અને ચિલ્ડ્રન યુનિર્વસીટી – ગાંધીનગર દ્વારા આયોજીત દંપતિ સંમેલનમાં સ્ટાફમાંથી જાગૃતિબેન શાહ, રંજનબેન અટોદરિયા, પરવિન્દાબેન પટેલ, સીમાબેન પટેલ, મંજુબેન માછી સાથે ૯ દંપતીઓ સહભાગી થયા. માતાના ગર્ભમાંથી જ યોગ્ય સંસ્કારોનું સિંચન

* મહિલા વિકાસ અને સશકિતકરણ તથા બાળકોના પૂરક શિક્ષણ અને વિકાસના કામો સેવા રૂરલ હેઠળ થતાં હતાં જે હવે કેમ્પસમાં આવેલી સ્વતંત્ર સંસ્થા શારદા મહિલા વિકાસ સોસાયટી હેઠળ જુલાઈ ૨૦૦૨થી થઈ રહ્યા છે.

કરવુ. દિવ્ય આત્મા સારા માતા–પિતાની ખોજમાં હોય છે, જેની સારા માતા પિતા બનવા શું કરી શકાય તે જાણકારી મેળવી. ઈચ્છીત અને અનિચ્છિત બાળકમાં શું ફેર છે ? બાળકના આગમન પૂર્વેનું આયોજન સાથે મળીને કરવુ વગેરે મુદ્દાઓની સમજ આ સંમેલનમાં હાજર દંપતિઓને આપવામાં આવી.

## મહિલા જાગૃતિ કાર્યક્રમ શિબિરો

- તા. ૧૫ ફેબ્રુ ૧૬ના રોજ શિબિરના ભાગરૂપે સહયોગી અને સ્ટાફની બહેનોની રમતગમત હરિફાઈનુ આયોજન કરવામાં આવ્યુ. જેમાં લીબુ ચમચી, ત્રીપગી દોડ, બાસ્કેટ બોલ વિગેરે રમતો રમાડવામાં આવી. અને ભાગ લેનાર દરેક બહેનોને પણ ભેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં. જેમાં લીબુ ચમચી દોડમાં પ્રથમ નંબર મિનાક્ષીબેન પ્રજાપતિ, બીજો નંબર પ્રેમીલાબેન વસાવા, ત્રીપગી દોડમાં પ્રથમ નંબર દિવ્યાબેન અને ઝીનલબેન અને બીજા નંબર હેતલબેન અને લતાબેન જયારે બાસ્કેટ બોલમાં પ્રથમ ભાવનાબેન વસાવા અને બીજા નંબરે શારદાબેન વસાવા આવ્યા હતા. આ વિજેતા બહેનોને ઈનામો આપવામાં આવ્યા.

## વાનગી હરિફાઈ

- તા. ૧૫ મી ફેબ્રુ ૧૬ના રોજ યોજાએલ સ્ટાફ પરિવારની ભાતભાતની વાનગી હરિફાઈ રાખવામાં આવેલી. જેમાં ૧૭ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વાનગી હરિફાઈમાં પ્રથમ ક્રમે કોમલબેન પટેલ, બીજા ક્રમે પુષ્પાબેન રહેવર, ત્રીજા ક્રમે તક્ષશિલાબેન દોશીની વાનગીઓની પસંદગી થઈ હતી.

## શારદામણિદેવી જન્મજયંતી

- તા. ૨ જાન્યુ. નાં રોજ માં શારદામાંની ૧૬૩મી જન્મજયંતી ઉજવવામાં આવી. દર વર્ષે પૂ. મા ની જન્મ જયંતિ વિવિધ રીતે ઉજવાય છે. આવા મહાન વિભૂતિઓની જન્મજયંતી ફકત આનંદ કે કાર્યક્રમના ભાગરૂપે જ નહી પરંતુ આ બહાને આપણે સૌ એમનાં જીવન ચરિત્ર વિશે જાણીએ, સમજીએ અને એમાંથી પ્રેરણા લઈ આપણા જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરીએ.

આ વખતે પણ ૧૯મી સદીમાં મહિલાઓ માટે જયારે ઘરની ચાર દિવાલોમાંથી બહાર નીકળવાનું પણ અશકય હતું તે વખતે મા શારદામણિદેવી પોતે શાળાનું પગથિયુ પણ ચઢી શકયા ન હતા છતાંય કન્યા કેળવણી, કૌશલ્ય કુશળતા, પ્રેમ–દયા–કરૂણાના ભાવ, આદર્શ ગૃહિણી, ઘરેલુ હિંસા સ્વરક્ષણ જેવા પ્રસંગોમાં નેતૃત્વ અને નિર્ણય શકિત દ્વારા જન્મદાત્રી બન્યા, જેની રજૂઆત કાર્યકરો અને સહયોગી બહેનોએ નાના નાના રોલપ્લે દ્વારા કરી અને દરેક રોલપ્લેના અંતે આજે શું પરિસ્થિતિ છે, શું બદલાવ લાવી શકીએ અને આપણે નવું શું કરી શકીએ તેની ચર્ચા કરી. દા.ત.

- પ્લેગના રોગ વખતે મઠની જમીન વેચવાનાં સ્વામીજીનાં વિચાર વખતે મઠની જમીન ન વેચવાનો મા નો નિર્ણય.
- સાસરી કામારપુકુરમાં ભત્રીજી લક્ષ્મીને શાળાએ જવા માટે તેમજ વાંચવામાં

પ્રોત્સાહિત કરવાના પ્રસંગમાંથી શિક્ષણનું મહત્વ.

- ગૌરી મા, સિસ્ટર નિવેદીતા, સરલાદેવી વિ. સાથે રહી અનેક સંસ્થાઓના જન્મદાત્રી તરીકે કન્યા કેળવણી, નર્સીંગ તાલીમ કે કોઈ હુન્નર શીખી પગભર થવાની કુશળતા વિ. સશક્તિકરણની દિશામાં ભરેલું પગલું.
- ભકતોના સાચા અર્થમાં મા બનીને સંપૂર્ણ કાળજી લેવી.
- ભૂલોની માફી આપી, સુધારવાની તક આપવી.
- જાણીતા પુરુષ દ્વારા જાતિય સતામણીના પ્રસંગમાં સ્વરક્ષણના દાખલો.

આ નાના–નાના પ્રસંગો ને નાટય સ્વરૂપે સૌએ આનંદથી માણ્યા અને જીવનમાં ઉપયોગી એવા ઘણાં પાસાઓને સમજયા.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અશા (ઝઘડિયાથી ૩૫ કિ.મી) થી આવેલ પૂ. અઘોરાનંદજી સ્વામીજીએ પોતાનાં વકતવ્યમાં ભગવાને પણ જયારે અવતાર લેવો હોય છે ત્યારે સ્ત્રી શકિત સ્વરૂપ વિના અવતાર શકય નથી તે જ રીતે જગતજનની મા શારદા, ઠાકુર, રામકૃષ્ણનાં અનુગ્રહિતા શકિત તરીકે આવ્યા હતા તેમ જણાવ્યું. સ્વામીજીએ કહ્યું કે મા શારદાદેવીની વાતમાં આગળ કહ્યું કે મા શારદા કહે છે એકવાર ફકત 'મા' કહો બાકી બધી જવાબદારી મારી છે.

માનો અંતિમ સંદેશ **" જો તમને માનસિક શાંતિ જોઈતી હોય તો બીજાના દોષ જોવા નહિ, તેથી ઊલટુ પોતાના દોષ જોવા "** ની સાથે સાથે સ્વામીજીએ ખૂબ જ ભાવનાત્મક માના જીવનના ભજનો ગાઈને વાતાવરણને ભકિતમય બનાવી દીધું.

## આંતરરાષ્ટ્રીય મહિલાદિન ઉજવણી

- સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટીના સંયુકત ઉપક્રમે તા. ૮ માર્ચના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. પાપડ, નાસ્તા, ગારમેન્ટ કાર્યક્રમની બહેનો, સિવણ, કોમ્પ્યુટર, નર્સિંગ અને લેબોરેટરી આસિસ્ટન્ટની તાલીમ લેતી તાલીમાર્થી બહેનો, મહિલા સુરક્ષા સમિતિ, ઝઘડિયાની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગ્રામ સેવા ટ્રસ્ટ ખારેલથી ડો. હર્ષાબેન અને ટીમ, દિવ્ય જયોતિ ટ્રસ્ટ – માંડવીથી માધવીબેન ગજીવાલા અને ટીમ, કોસંબાથી નાગરભાઈની ટીમ પણ જોડાયા હતા.

'સ્ત્રી – પુરુષ સમાન' ના નારા લગાવતા ગામમાં રેલી કાઢવામાં આવી હતી. સેવા રૂરલમાં ચાલતા નર્સિંગ, લેબોરેટરી આસિસ્ટન્ટ, સિવણ, કોમ્પ્યુટર, મોબાઈલ ટેકનોલોજીનો અભ્યાસ કરતી બહેનોએ પોતે કૌશલ્યલક્ષી તાલીમ લઈ આગળ આવ્યાની વાત કરી. રંજનબેન અટોદરિયા અને પરવિન્દાબેન પટેલે સ્ત્રી– પુરુષ સમાનતા પર 'રંગલો–રંગલી'નું નાટક રજૂ કર્યું હતું. મુખ્ય અતિથિ તરીકે સુરતના પ્રાધ્યાપિકા શરીફાબેન વીજળીવાલાએ પોતાના વકતવ્યમાં સ્ત્રી–પુરુષની સમાનતાની વાત સમજાવતા તેમના અંગત જીવનમાં સંઘર્ષ કરી કેવી રીતે આગળ આવ્યાં તેના દાખલાઓ આપ્યો. જાતિભેદ ભૂલી માણસ બનવાની કેળવણી આપવી કે લેવી જોઈએ. આ કેળવણી ઘરમાંથી જ મળે છે. ઘરના કામમાં પુરુષે સ્ત્રીને સહિયારી મદદ આપવી જોઈએ. નારીવાદી ચળવળમાં સમાજસુધારકો પુરુષ હતા, લગ્ન માટે છોકરી વધુ કમાતો, વધુ ભણેલો છોકરો જ મળે એવી અપેક્ષા શા માટે રાખે છે ? એવો પ્રશ્ન કર્યો. કપડા

પહેરવેશમાં પણ હવે છોકરીઓ પોતાને ગમે છે માટે જે પ્રકારનો પહેરવેશ કરે છે ત્યારે તેઓએ હવે બીજી આંખોને જોવાનું ગમે તેવા પૂરતા કપડા પહેરવા જોઈએ. સ્વતંત્રતા અને સ્વચ્છંદતા વચ્ચેની પાતળી રેખા પારખવી જોઈએ.

સ્ત્રીની અગત્યતા ઓછી હોવાના દાખલા પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં જોવા મળે છે. ત્યારે સત્યકામના નામ પાછળ જેવી રીતે જબાલા માતાનું નામ છે તેવું આજે જોવા મળતું નથી.

ઘરમાં કે બહાર કોઈપણ જગ્યાએ અન્યાય કે શોષણ ન થાય તે માટે અવાજ ઉઠાવવો, પોતાના નિર્ણયો પોતે લેવા જણાવ્યું.

'સ્ત્રીની તાકાત તેની અંદર જ છે. તેને બહાર શોધવાની જરૂર નથી. 'ઘર અને દેશની પ્રગતિમાં સ્ત્રી અને પુરુષની સહિયારી જવાબદારી છે. એકબીજાના સ્વાતંત્ર પર તરાપ ન મારવી જોઈએ વગેરે વિચારો રજૂ કર્યા અને સહભાગિઓના પ્રશ્નોના જવાબ પ્રશ્નોત્તરીમાં થતા તેઓએ આપ્યા હતા.

## જાતિય સતામણી વિરોધી સમિતિ પ્રવૃત્તિ અને સ્વરક્ષણ તાલીમ

- તા. ૧૧, ૧૨ જાન્યુ ૧૬ દરમ્યાન નર્સીંગ આસીસ્ટન્ટ અને લેબ આસીસ્ટન્ટની ૧૭ વિદ્યાર્થિનીઓ સાથે બે દિવસીય સ્વરક્ષણ તાલીમ કરી.
- તા. ૨ ફેબ્રુ ૧૬ના રોજ ગ્રામ સુરક્ષા સમિતિની મીટીંગ કરી. પોલીસ પ્રતિનિધિ, સરપંચ, ગ્રામ્ય સભ્યો મળી ૧૨ સભ્યોએ હાજરી આપી. ઝઘડિયા ચોકડી પર ચોકી બનાવવા માટે જમીન ફાળવવા માટે સભ્યો મળ્યા. અરજી અંગેની ચર્ચા કરવામાં આવી. આપણી આસપાસના વિસ્તારમાં કોઈ અઘટીત ઘટના બને તો પરસ્પર જાણ કરવી જેથી તે સંદર્ભે કાયદા કાનુન વિશે જાણ કરી સમજી શકાય. ૧૦૮ મહિલા હેલ્પ લાઈન છે તે ઝઘડિયા ગામમાં લખાવવી જોઈએ તેવી પણ ચર્ચા કરવા જણાવ્યું.
- તા. ૨, ૩ ફેબ્રુ ૧૬ દરમ્યાન બેચ નં. .૧૪ની શિવણની ૧૮ તાલીમાર્થી બહેનો સાથે બે દિવસીય સ્વરક્ષણ તાલીમ કરી, સાથે તેઓના અનુભવો પણ સાંભળ્યા.
- સેવા રૂરલ સંસ્થાની જાતિય સતામણી વિરોધી સમિતિની તા. ૯ ફેબ્રુ ૧૬ ના રોજ મીટીંગમાં ૮ સભ્યો હાજર રહ્યા. જયોત્સનાબેન રોહિત સેવા રૂરલના કાર્યકર જાતીય સતામણી વિરોધી સમિતિના નવા સભ્ય તરીકે જોડાયા. ખાસ કરીને જાતિય સતામણીના કિસ્સાઓમાં સંસ્થાએ લીધેલ નિર્ણયો, કેવી પ્રક્રિયા કરવી તેની જાણકારી મેળવી. જે નિર્ણયો લેવાયા તેનાથી સંસ્થાને અને વ્યકિતને પણ નુકસાન ન થાય તે રીતે રજુઆત કરી.
- તા. ૧૯, ૨૦ અને ૨૨, ૨૩ ફેબ્રુ. ૧૬ દરમ્યાન કન્યા આદર્શ નિવાસી શાળાની ધોરણ ૯ની ૭૧ વિદ્યાર્થિનીઓને બે બેચમાં બે દિવસીય સ્વરક્ષણ તાલીમ આપવામાં આવી.

- તા. ૨૧ ફેબ્રુ ૧૬ના રોજ મીશન છાત્રાલય ઝઘડિયાની ધો. ૭ થી ૧૨ની ૧૧૦ કિશોરીઓ સાથે 'જાતિય સતામણી' વિષય લીધો. પાવર પોઈન્ટ અને વિડિયોના માધ્યમથી સમજ આપી. એક દિવસીય આ વર્કશોપમાં કિશોરીઓને કાયદાકીય જાણકારી આપવાની સાથે સ્વબચાવ માટેની નાના નાના પ્રેકટીકલ શીખવ્યા.
- તા. ૨૬ ફેબ્રુ ૧૬ના રોજ ઝઘડિયા સ્થિત સરસ્વતી વિદ્યામંદિર શાળાની ધોરણ ૮ ની ૪૪ વિદ્યાર્થિનીઓને સ્વરક્ષણ અને જાતિય સતામણી વિશેની જાણકારી વિડિયો અને સ્વરક્ષણના પ્રેકટીકલ કરાવવામાં આવી.

## બાળકેળવણી

### સ્થાનિક ટયુટોરિયલ પ્રવૃત્તિ

- તા ૧૨ મી જાન્યુ ના રોજ સ્વામી વિવેકાનંદ જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે બાળકોને સ્વામી વિવેકાનંદના બાળપણની સી.ડી. બતાવી, જેમાં મુખ્ય સ્વામીજી અને વાંદરાઓની ટોળીના પ્રસંગથી મુસીબતોનો સામનો કરવો, ડરવું નહી, ઘોડાગાડીવાળા પ્રસંગથી બીજાને મદદ કરવી વિગેરે જીવનપ્રસંગની ચર્ચા કરી.
- બાળકોને ઉત્તરાયણ તહેવારનું મહત્વ સમજાવ્યું. ત્યાર બાદ બાળકોને ખુલ્લા મેદાનમાં લઈ ગયા જયાં પતંગો ચગાવી, સીગદાણા અને તલની ચીકી ખાઈ ઉત્તરાયણ પર્વની મજા માણી.
- તા.૨૮ જાન્યુ ૧૬ના રોજ ટયુટોરિયલ બાળકો માટે પ્રજાસત્તાકદિન નિમિત્તે રમત–ગમત હરિફાઈનું આયોજન કર્યું. જેમાં સંગીત ખુરશી, ચાર ખૂણા, લીબુ ચમચી વિગેરે રમતો રમાડી જે બાળકો જીત્યા તેમને ઈનામો આપી પ્રોત્સાહીત કર્યા.
- તા.૨૩ માર્ચ ૧૬ના રોજ હોળીના દિવસે ભકત પ્રહલાદની વાર્તા કહી અને પર્વનું મહત્વ સમજાવ્યું. બાળકોએ સંસ્થાના બધા જ વિભાગોમાં જઈ બધાને કંકુનું તિલક કરી હોળીની શુભેચ્છા વ્યકત કરી, ત્યાર બાદ એક બીજાને ગુલાલ વિગેરે રંગો લગાડી ધાણી–ખજૂર ખાઈને ધૂળેટીની મજા માણી.
- વાર તહેવાર અને અન્ય પ્રસંગોની મજા સાથે આખા વર્ષ દરમ્યાન જે અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે તેનું મૂલ્યાંકન તેમજ શાળામાં લેવાતી વાર્ષિક પરીક્ષાની પૂર્વ તૈયારી રૂપે ટયુટોરિયલમાં પણ તા.૨૯, ૩૦ અને ૩૧ના રોજ આયોજન કરી બાળકોની પરીક્ષા લીધી.

## ગ્રામ્ય વિસ્તારની પ્રવૃત્તિ

### હરતી ફરતી શાળા

- જાન્યુ માં હરતી ફરતી શાળા દ્વારા ગામોમાં અભ્યાસકીય પ્રવૃત્તિ ઉપરાંત આ વર્ષે ગુંડેચા–૨, ગુડેચા–૩, મોટાસાંજા અને સંજાલીમાં સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિની ઉજવણી કરી, જેમાં સ્વામી વિવેકાનંદની બાળ પણના પ્રસંગોની સી.ડી.બતાવી અને ચર્ચા કરી. આ પ્રવૃતિમાં કુલ ૨૫૨ બાળકો જોડાયા.

## કિશોર–કિશોરી કાર્યક્રમ

- તા. ૧૩, ૧૫, ૧૬ જાન્યુ ૧૬ ને કિશોર–કિશોરી કાર્યક્રમ હેઠળ નકકી થયેલા પાંચ ગામોમાં (ખારીયા, ભોજપુર, શિયાલી, પીપળીપાન, સુકવણા) પતંગોત્સવની ઉજવણી કરી. પતંગ પર "મારુ ગામ સ્વચ્છ ગામ" સંદેશો છપાવી સ્વચ્છતાના સંદેશાઓ આપવામાં આવ્યા.

ઉત્તરાયણ ઉજવણી કેમ કરવામાં આવે છે તેની માહિતી આપવામાં આવી.

## પીયર એજ્યુકેટર મિટિંગ

- તા. ૩૦ જાન્યુ ૧૬ને પીયર એજ્યુકેટરની મીટીંગ થઈ. પીયર એજ્યુકેટરે તૈયાર કરેલ વ્યક્તિગત સ્વચ્છતા, વ્યસન, એનીમીયા વગેરે વિષયના શેષન લીધા અને તે દ્વારા ગામમાં આરોગ્ય શિક્ષણ આપતી વખતે શું ધ્યાનમાં રાખવું તે સમજાવ્યુ.
- તા. ૧૯ માર્ચ ૧૬ને પીયર એજ્યુકેટરની મીટીંગ થઈ. હવે પછીના વર્ષે કિશોર– કિશોરીઓ સાથે શું કરવું જોઈએ તેમજ ભવિષ્યના આયોજનની ચર્ચા કરી. પીયર એજ્યુકટર બન્યા પછી પોતાનામાં સકારાત્મક શું બદલાવ આવ્યો તે પણ જાણ્યું.

## શાળા પ્રવૃત્તિ

આ ત્રણ માસ દરમ્યાન શાળાઓમાં ધોરણ પ્રમાણે લીધેલા વિષયો અને વિદ્યાર્થિઓની હાજરી આ પ્રમાણે હતી.

- ધોરણ ૭ના ૨૯ વર્ગોમાં વ્યક્તિગત સ્વચ્છતા વિષયની સમજ મેળવવા ૪૫૭ છોકરાઓ અને ૪૬૮ છોકરીઓને તેમજ જીવનમૂલ્ય શિક્ષણ ૩૬૧ છોકરાઓ અને ૩૯૦ છોકરીઓ વર્ષ દરમ્યાન લીધેલ વિષયોનું પુનરાવર્તન કવીઝ દ્વારા કરવામાં આવ્યું તેમાં ૨૭૨ છોકરા અને ૨૯૭ છોકરીઓ સહભાગી થયા.
- ધોરણ–૮ના ૩૦ વર્ગોમાં જેન્ડર વિષયની સમજ ૩૧૭ છોકરા અને ૩૮૦ છોકરીઓએ મેળવી. પ્રાથમિક સારવાર વિષેમાં ૩૨૨ છોકરા અને ૩૮૮ છોકરીઓને સહભાગી થયા જ્યારે કવીઝ દ્વારા પુનરાવર્તનમાં ૨૪૫ છોકરા અને ૩૪૧ છોકરીઓએ રસપૂર્વક ભાગ લીધો.
- ધોરણ–૯ની ૧૯ શાળાઓમાં જીવનમૂલ્યની સમજ ૫૦૬ છોકરાઓ અને ૫૬૭ છોકરીઓએ મેળવી. માસિક ગર્ભધારણ અને સ્વચ્છતા વિષયમાં છોકરા–છોકરીઓને જુદા બેસાડી સમજ આપી જેમાં ૫૨૨ છોકરા અને ૫૧૨ છોકરીઓ સહભાગી થયા. વર્ષના અંતે થયેલ કવીઝમાં ૨૫૪ છોકરા અને ૩૫૭ છોકરીઓએ પ્રશ્નોત્તરીમાં સરસ જવાબો આપ્યા.

## અન્ય પ્રવૃત્તિ

- તા. ૧૫ માર્ચ ૧૬ના રોજ ગેલેકસી (ઝઘડિયા જી.આઈ.ડી.સી.) ના મહેન્દ્રભાઈ યાદવ અને આદર્શભાઈ નાયર એ સંસ્થા દ્વારા બાંડાબેડા ગામમાં બનાવેલ શૌચાલયની મુલાકાત લીધી.

## આર્થિક કાર્યક્રમ

### પાપડ

- તા. ૧૫ અને ૧૬ ફેબ્રુ ૧૬ દરમ્યાન વાગરા ગાંધીમેળાનું આયોજન થયુ હતુ તેમાં પાપડ અને નાસ્તાનો સ્ટોલ રાખ્યાં હતાં જેમાં પાપડ નાસ્તાનું ૨૪૫૧–૦૦ રૂા. વેચાણ થયું હતું.

## ગારમેન્ટ તાલીમ

- ૩ માસ દરમિયાન ૩૬ બહેનોએ ગારમેન્ટનું કામ કર્યું અને ૩ બહેનોને ઘરે કામ આપ્યું કુલ ૧૮.૫૯ લાખનું ઉત્પાદન કરી. ૫.૪૨ લાખની કમાણી કરી.
- આ ત્રણ માસ દરમ્યાન બહેનોએ વધુ સમય આપીને શર્ટ, પેન્ટ, બોઈલર,બેબીકીટ, એપ્રન વગેરે ઓર્ડર પૂરા કર્યા.
- અત્યાર સુધી એક જ ગાજમશીન હતું તે બગડે તો ઓર્ડર બહાર ગાજ માટે મોકલવુ પડતુ હતું જેથી નવુ મશીન લીધુ.

## શિવણ તાલીમ

- તા. ૧ ઓકટો ૧૫ થી તા. ૩૧ માર્ચ ૧૬ સુધી સવારે અને બપોરે બંને બેચ મળીને કુલ ૩૮ બહેનોએ શિવણ તાલીમ પૂરી કરી. તા. ૧ એપ્રિલ ૧૬થી નવી બેચ શરૂ થશે, જેના ઈન્ટરવ્યુ તા. ૨૧ એપ્રિલ ૧૬ના રોજ થઈ ગયા. ૪૧ બહેનો જોડાયા.

  એક બહેન જે બોલી શકતા નથી અને સાંભળી શકતી નથી. તેઓએ શિવણ તાલીમ સારી રીતે પૂરી કરી. તેઓને સહયોગી બહેનો અને સુપરવાઈઝરની મદદ મળી.

♦

# મિત્રોની નજરે...

સ્નેહીશ્રી,

જુલાઈથી સપ્ટેમ્બર ૧૫ના સેવા સુવાસ અંકમાં લખાયેલ "નૈતિક મૂલ્યોની સાચવણી" વિષય ઉપરના વલોણાનાં પ્રતિભાવો માટે વાલોડના મુ. શ્રી જયોતિભાઈ દેસાઈની વાત મનનીય છે. શ્રી જયોતિભાઈએ શિક્ષણ ક્ષેત્રે અનન્ય ગણી શકાય તેવી સંસ્થાના સંચાલકો પૂ. જુગતરામ કાકા, પૂ. નાનાભાઈ ભટ્ટ અને મૂળશંકરભાઈ સાથે વર્ષો સુધી કામ કરેલું. આ મહાનુભાવોએ સંસ્થાના કાર્યકરો સંસ્થાએ નક્કી કરેલાં મૂલ્યોની સાચવણીમાં ભૂલો કરે અને પ્રશ્ન ઊભા થાય ત્યારે એનાં ઉકેલો વિશેની માન્યતાઓ / પગલાઓ વાંચીએ.

૧. નાનાભાઈને ત્યાં બહેનોને માફી અપાયજ. કારણ સમાજ બહેનોને વધુ કનડે છે માટે તેમને સાચવી લેવા એ આપણો પહેલો નિયમ ગણવો. આવું અમને સમજાવેલું છે.

૨. અમારા મૂળશંકરભાઈ (નાનાભાઈના જમાઈ) બે કાર્યકર વચ્ચે પૈસા આપ્યા લીધાનો પ્રશ્ન મોટો થયો. બન્ને એ રકમ ૫૦% સંસ્થાને ભરપાઈ કરી દે. કોણ દોષી એ અમારે જોવાનું નથી. સંસ્થાને કોઈ નુકશાન થાય નહી તે જ મહત્વનું.

૩. મારી ગણતરી પ્રમાણે (ધર્મ) જુગતરામ કાકા પાસે ૮/૧૦ હજાર સાથીઓ આવ્યા

ગયા. તેમનું તો વ્રત જ હતું કે કોઈનેય સંસ્થા છૂટી કરશે નહીં. તમે સમજીને સંસ્થાને નીચી પાડી છે માનીને છૂટા થાવ તો રોકીશુ નહીં. પણ કોઈને કાઢી મૂકવાનો – ગમે તેટલો ગંભીર ગુન્હો પણ માફ જ માફ. છૂટા નહી જ કરીએ.

૪. કોર્ટ કચેરીએ કદી સંસ્થાએ જવુ જ નહી. ત્યાં કાયદાના અર્થ / અનર્થ અને ગૈર કરવાના માર્ગો ખુલ્લા હોય છે. હંમેશ કોર્ટ છોડીને લવાદ અને સમાધાન શ્રેષ્ઠ માર્ગ ગણાય.

૫. હોદ્દા / Seniority/ કે આગળ આવ્યા, આજે આવ્યા, સમર્પિત, નોકરીયાત આવાં કોઈ ભેદનો સંસ્થાએ સ્વીકાર ક્યારેય કરવો નહી. જે આવ્યા તે જેમને અહી આપણને મદદ કરવાનું ગમ્યુ તે આપણા ઉપર ઉપકાર જ કરે છે. ગાંધીજીનું 'A customer' નું યાદ કરીએ. કોઈ નગણ્ય નહી જ અને તમામે તમામ આપણે આટલી મોટી જવાબદારી ઉપાડવા મથીએ છીએ તેમાં સહાયક થનાર છે એવો અભિગમ કેળવી શકીએ તો કોઈ પ્રશ્ન ઊભો જ ન થાય.

♦

(આ પ્રમાણે આપણા પ્રતિભાવો ચોકકસ લખી મોકલશો.)

# સત્સંગના સથવારે

સંસ્થામાં નિયમિત રીતે ક્યારેક કોઈ સાધુસંતોના સાંનિધ્યમાં તો ક્યારેક અમારા વર્તુળ સાથે સત્સંગ કરતા રહીએ છીએ. આવા જ એક સત્સંગ પ્રસંગે શ્રી રામકૃષ્ણ કથામૃતના લેખકશ્રી મહેન્દ્રનાથ ગુપ્તાના જીવનનું વાંચન કરી રહ્યા હતા ત્યારે ગૃહસ્થ સાધકના મનમાં જે પ્રશ્ન ઊભા થતા હોય છે તેવા જ પ્રશ્નો તેમણે તેમનાં ગુરુદેવ શ્રી રામકૃષ્ણદેવને પૂછેલા તેમાંનો એક પ્રશ્ન હતો ગૃહસ્થ સાધકે **"સંસારમાં કેવી રીતે રહ્યું."** તેના ઉત્તરમાં શ્રી રામકૃષ્ણે આપેલો જવાબ વાંચીએ :

**બધાં કામ કરવા, પણ મન ઈશ્વરમાં રાખવુ...... સ્ત્રી, પુત્ર, માબાપ બધાની સાથે રહેવુ અને તેમની સેવા કરવી; જાણે કે એ બધા પોતાના ખૂબ અંગત માણસો છે પણ મનમાં બરાબર સમજવુ કે તેમાંથી કોઈ આપણુ નથી.....**

ત્યારબાદ તેમના ગુરુદેવે ગૃહસ્થ જીવનમાં જોવા મળતી રોજબરોજની ઘટનાઓના દાખલા આપીને શિષ્યોને ગળે ઉતરી જાય તે રીતે ઉપદેશ આપ્યો.

**'કાચબી પાણીમાં તર્યા કરતી હોય, પણ તેનું મન ક્યાં હોય તે ખબર છે ? કાંઠા પર, જ્યાં તેનાં ઈંડા પડયાં હોય ત્યાં. સંસારનું બધું કામ કરવું. પણ મન ઈશ્વરમાં પરોવી રાખવું.'**

**'મોટા માણસના ઘરની કામવાળી, શેઠનુ બધુ કામ કરે પણ તેનુ મન હોય ગામડામાં પોતાના ઘરે. વળી, તે શેઠના છોકરાને પોતાના છોકરાની માફક મોટા કરે. મારો રામ, મારો હરિ એમ કહીને બોલાવે પણ મનમાં સારી રીતે સમજે કે એમાંથી મારુ કોઈ નથી.'**

સાથે સાથે તેમને કહ્યું કે, વિચાર કરવાની બહુ જરૂર છે.....વસ્તુ – રૂપિયાથી શું મળે? રોટલા, દાળ, કપડાં, રહેવાની જગ્યા , એટલું જ; એથી ભગવાન ન મળે. એટલે રૂપિયા જીવનનું ધ્યેય થઈ શકે નહિ. કામ–કાંચન અનિત્ય. ઈશ્વર જ એ ક માત્ર નિત્ય. નિત્ય વસ્તુ ઉપર વિવેક વિચાર કરવાની આવશ્યકતા આનું નામ વિચાર. સમજો છો?'

શ્રી રામકૃષ્ણ – હા, વસ્તુ વિચાર. જુઓ, રૂપિયામાંય શું છે અને સુંદર શરીરમાંયે શું છે? વિચાર કરો કે સુંદર સ્ત્રીના શરીરમાંય માત્ર હાડકાં, માંસ, ચરબી, મળમૂત્ર એ બધું છે. ઈશ્વરને છોડીને માણસ એ બધી વસ્તુઓમાં કેમ મન પરોવે છે? કેમ ઈશ્વરને ભૂલી જાય છે ? આમ ગૃહસ્થીઓ પણ સંસારના બધા જ કામો અને જવાબદારીઓ અદા કરતાં કરતાં આધ્યાત્મિક માર્ગમાં આગળ વધી શકે છે તેવી હૈયાધારણની સાથે સાથે તેના માટેનો ઉપાય પણ મળી રહે છે.

શ્રી મહેન્દ્રનાથ ગુપ્તા સંસારી જીવનમાં ખૂબ જ ત્રસ્ત અને દુઃખી થઈને ઘર છોડીને નીકળી ગયેલા હોય છે. ૧૮૮૨માં તેમના ગુરુદેવ શ્રી રામકૃષ્ણને મળે એ છે ત્યારે તેમને ઘણા પ્રશ્નો પૂછેલા તેમાનો એક પ્રશ્ન હતો.

(વધુ આવતાં અંકે)

# નાનાઓની મોટાઈ

## પ્રામાણિક નિકુલ

સંસ્થામાં કાર્યકરો વચ્ચે અંદરોઅંદરના કામકાજ સંદર્ભે કાર્યલક્ષી સંવાદ ફોન, ચિઠ્ઠી, ઈમેલ કે રૂબરૂ મુલાકાત દ્વારા થાય છે. એવા જ એક કિસ્સામાં સંસ્થામાં દોઢ વર્ષથી પટાવાળા તરીકે કામ કરતા લિમોદ્રા ગામના નિકુલભાઈ દેસાઈને એક કાર્યકરે ચિઠ્ઠી આપી અને ડો. ગાયત્રીબેનને કોઓર્ડિનેશન મિટીગમા આપવા કહ્યું. ચિઠ્ઠી લખનાર કાર્યકરને કંઈક માહિતી જોતી હતી. નિકુલભાઈને ચિઠ્ઠી મળી તે વખતે લગભગ ઓફિસ કામકાજના ૮ કલાક પૂરા થતા હતા તેથી નિકુલભાઈ ડો. ગાયત્રીબેનને ચિઠ્ઠી આપવાનું ભૂલી ગયા અને ચિઠ્ઠી લઈ ઘરે જતા રહ્યા. નિકુલભાઈ લીમોદ્રા (ઝઘડિયાથી ૩ કિ.મી.) ગામમાં પોતાના ઘરે પહોંચ્યા અને શર્ટમાં મૂકેલ ચીજવસ્તુ કાઢતા ચિઠ્ઠી જોઈ, ચિઠ્ઠી આપવાનુ ભૂલી ગયાનું ધ્યાન પર આવ્યું. તરત જ ઊભા પગે પાછા લિમોદ્રાથી ઝઘડિયા સેવા રૂરલમાં આવ્યા. ડો. ગાયત્રીબેનને ચિઠ્ઠી આપી અને તેઓએ હાશ અનુભવી અને કહ્યું , "મારી જવાબદારી હવે પૂરી થઈ છે." અને તેઓ નિરાંતે ઘર તરફ પાછા ફર્યા.

આમ જોવા જઈએ તો સામાન્ય રીતે ચિઠ્ઠી જેવી નાની બાબત માટે નિકુલભાઈએ આટલી તકલીફ લેવી જરૂરી હતી ? પણ ના જવાબદારી નાની હોય કે મોટી તે પ્રામાણિકપણે પૂરી કરી, નિકુલભાઈએ સૌને દાખલો પૂરો પાડયો. તો ચાલો આપણે સૌ સાથે મળી તેમને ધન્યવાદ પાઠવીએ.

## જાણવા જેવું

### જનની શિશુ સુરક્ષા કાર્યક્રમ

**હેતુ :** સ્ત્રીઓ અને બાળકો માટે વધુ સારી સ્વાસ્થ્ય સેવાઓ પૂરી પાડવી.

**મળવાપાત્ર મફત સેવાઓ :**

### સગર્ભા સ્ત્રીને મફત અને ખર્ચ વિનાની સેવાઓ જેમાં

• મફત અને નાણાંના ખર્ચ વિનાની પ્રસુતિ • મફત સીઝેરિયન સેકશન • ૩૦ દિવસ સુધી, બિમાર નવજાત શિશુની મફત સારવાર • ગ્રાહક ફી થી મુકિત • મફત દવાઓ અને સાધનો. • મફત તપાસ • હોસ્પિટલમાં રહેવા પર મફત ખોરાક – સામાન્ય પ્રસૂતિ માટે ત્રણ દિવસ સુધી અને સીઝેરિયન માટે સાત દિવસ સુધી. • મફત લોહી પૂરૂં પાડવું. • ઘરેથી હોસ્પિટલ / આરોગ્ય કેન્દ્ર સુધી મફત વાહન વ્યવસ્થા. • ૪૮ કલાકનાં રહેઠાણ બાદ ઘરે મૂકવાની મફત વ્યવસ્થા.

### નવજાત શિશુને જન્મના ૩૦ દિવસ સુધી મળવાપા મફત સેવાઓ

• મફત સારવાર, • મફત દવાઓ અને સાધનો • મફત તપાસ / લેબોરેટરી તપાસ • લોહીની મફત વ્યવસ્થા • ગ્રાહક ફી ની માફી (કેસ ફી) • મફત વાહન વ્યવસ્થા – ઘરેથી હોસ્પિટલ, હોસ્પિટલથી રેફરલ કેન્દ્ર અને કેન્દ્રથી ઘર સુધી. • દરેક સરકારી હોસ્પિટલ / આરોગ્ય કેન્દ્રમાં આ યોજના અને મળવાપાત્ર સેવાઓની માહિતી, જાહેરમાં મૂકવી જરૂરી છે.

**યોજનાનો લાભ કોને મળે ? :** દરેક સગર્ભા સ્ત્રીઓ અને નવજાત શિશુ.

### સંપર્ક / જરૂરી દસ્તાવેજો

• આશા / આંગણવાડી કાર્યકર / સ્ત્રી આરોગ્ય કાર્યકર

**જયારે આપણે બીજાને આનંદ આપી શકીએ છીએ ત્યારે જ આપણા જીવનનો હેતુ પરિપૂર્ણ થાય છે.**

મા શારદા

## પ્રિન્ટેડ બુક


પ્રકાશક :
સેવા રૂરલ અને શારદા મહિલા વિકાસ સોસાયટી,
ઝઘડિયા – ૩૯૩ ૧૧૦, જિ. ભરૂચ, ગુજરાત
સેવા રૂરલ પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એફ/૧૧૦/ભરૂચ



E-mail :- sewarural@ymail.com, Website : www.sewarural.org
Facebook : http:// www.facebook.com/sewarural
ફોન : (૦૨૬૪૫) (ઓ.) ૨૨૦૦૨૧, ૨૨૦૮૬૮
PAN No. AAATS 7375J

શા.મ.વિ.સો. પબ્લીક ટ્રસ્ટ રજી. નં. એફ/૯૦૩/ભરૂચ
smvs1985@yahoo.co.in, Website : www.shardamahilavikas.org
ફોન : (૦૨૬૪૫) ૨૨૦૮૧૧, ફેક્સ નં. ૨૨૦૩૧૩
PAN No. AACTS 8212L


35 Years 1980-2015
એક અવિરત યાત્રા